dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-7 | Issue-337 | AD-2024, Bhadarva Sud-08 | Wednesday, Dt.11-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### મણિપુર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પણ વિરોધ રેલી કાઢીને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું પૂતળું બાળ્યું, પાંચ દિવસ સુધી ઈન્ટરનેટ બંધ

# મણિપુરમાં વિદ્યાર્થીઓની સુરક્ષા દળો સાથે અથડામણ

ઈમ્ફાલ,તા.૧૦

મણિપુરના ઈમ્ફાલમાં રાજભવન તરફ કૂચ કરવાનો પ્રયાસ કરી રહેલા વિદ્યાર્થીઓ, મહિલા વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચે મંગળવારે અથડામણ થઈ હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ટીયરગેસના શેલ છોડવા પડ્યા હતા. પ્રદર્શનકારીઓ મણિપુર સરકારના ડીજીપી અને સુરક્ષા સલાહકારને હટાવવાની માંગ કરી રહ્યા છે. સોમવારની શરૂઆતમાં, સેંકડો વિદ્યાર્થીઓ, જેઓ સોમવારથી ખ્વાયરમબંધ મહિલા બજારમાં કેમ્પ કરી રહ્યા હતા, તેઓએ બીટી રોડ પર રાજભવન તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ સુરક્ષા દળોએ કોંગ્રેસ ભવન પાસે અટકાવ્યા. મણિપુર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પણ વિરોધ રેલી કાઢીને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું પૂતળું બાળ્યું હતું. દરમિયાન, વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ઈમ્ફાલ પૂર્વ અને પશ્ચિમ જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. BNSS ની કલમ ૧૬૩ (૨) હેઠળ થોબલમાં પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાં આગામી પાંચ દિવસ માટે ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'મણિપુર રાજ્યમાં હાલની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જોતાં, એવી સંભાવના છે કે કેટલાક અસામાજિક તત્વો તસવીરો, અભદ્ર ભાષા અને દ્વેષપૂર્ણ વીડિયો સંદેશાઓ ફેલાવી શકે છે. લોકોની ભાવનાઓને ભડકાવવા માટે, સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ કરી શકાય છે. તેનાથી મણિપુરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર અસર પડી શકે છે. ઉશ્કેરણીજનક સામગ્રી અને ખોટી અફવાઓ જીવન અને સંપત્તિનું નુકસાન, જાહેર અને ખાનગી સંપત્તિને નુકસાન, શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દને નુકસાન પહોંચાડી શકે છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'રાષ્ટ્રવિરોધી અને અસામાજિક તત્વોના કાવતરાં અને પ્રવૃત્તિઓને નિષ્ફળ બનાવવા, શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવા, જાન-માલને નુકસાન કે જોખમ અટકાવવા, જાહેર હિતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પૂરતા પગલાં લેવા જરૂરી છે. આમાં વિવિધ ઈલેક્ટ્રોનિક ઉપકરણો જેવા કે ટેબલેટ, કોમ્પ્યુટર, મોબાઈલ ફોન વગેરે પર વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા ખોટી માહિતી અને ખોટી અફવાઓ ફેલાવવાનું રોકવા અને ભીડને એકત્ર કરવા માટે બલ્ક એસએમએસ મોકલવાનો સમાવેશ થાય છે. અગાઉ, વિદ્યાર્થીઓના વિરોધના એક દિવસ બાદ રાજ્યના ત્રણ જિલ્લામાં પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા હતા. ઈમ્ફાલ પૂર્વ અને પશ્ચિમ જિલ્લાઓમાં લોકોને તેમના ઘર છોડતા અટકાવવા માટે અનિશ્ચિત કર્ફ્યુ લાદવામાં આવ્યો છે, જ્યારે થૌબલમાં ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩ (૨) હેઠળ પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા હતા. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'જિલ્લામાં બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કારણે, કર્ફ્યુમાં છૂટથી સંબંધિત અગાઉના આદેશો ૧૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યાથી તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યા છે, તેથી આગામી આદેશો સુધી ઈમ્ફાલ પૂર્વ તાત્કાલિક અસરથી બંધ રહેશે. જિલ્લામાં સંપૂર્ણ કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ, ઈમ્ફાલ પશ્ચિમ દ્વારા જારી કરાયેલા અન્ય આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'અગાઉના તમામ આદેશોને રદ કરીને, ૧૦ સપ્ટેમ્બર માટે કર્ફ્યુમાં છૂટછાટનો સમયગાળો આજે સવારે ૧૧ વાગ્યાથી દૂર કરવામાં આવ્યો છે. ગયા વર્ષે ૧ સપ્ટેમ્બરથી લોકોને તેમના સંબંધિત રહેઠાણોની બહાર જવા પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો.



# સુપ્રીમનો આદેશ છતાં કોલકાતાના જુનિયર ડોકટરોની હડતાલ ચાલુ

**પીડિતાને હજુ ન્યાય મળ્યો નથી : જુનિયર ડોક્ટરો**

કોલકાત્તા,તા.૧૦

ગત તા. ૯ ઓગસ્ટે કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ટ્રેઈની ડૉક્ટરનો રેપ-હત્યાના વિરોધમાં જુનિયર ડૉક્ટરોની હડતાળ ચાલુ છે. ૯મી સપ્ટેમ્બરે હડતાળનો એક મહિનો પૂર્ણ થયો હતો. સુપ્રીમ કોર્ટે જુનિયર ડોકટરોને મંગળવારે સાંજે ૫ વાગ્યા સુધીમાં કામ પર પાછા ફરવાનું અલ્ટીમેટમ પણ આપ્યું છે. પરંતુ જુનિયર ડોકટરોનું કહેવું છે કે તેમને અને પીડિતાને ન્યાય મળ્યો નથી. તેથી તેઓ કામ પર પાછા ફરશે નહીં. ડૉક્ટરોએ એક નિવેદનમાં કહ્યું છે કે સરકાર અને સુપ્રીમ કોર્ટે એ ન ભૂલવું જોઈએ કે આ વિરોધ એક જન આંદોલન છે. અમે સુનાવણીથી અત્યંત નિરાશ છીએ. જુનિયર ડૉક્ટરોની માગ છે કે રાજ્યના આરોગ્ય સચિવને પણ બરતરફ કરવામાં આવે. આ માટે ડોકટરોએ કરુણામયી (સોલ્ટ લેક)થી આરોગ્ય મંત્રાલય સુધી રેલી યોજી હતી. રાજ્ય સરકારની દલીલ હતી કે, ડોક્ટરોની હડતાળને કારણે ૨૩ લોકોએ જીવ ગુમાવ્યા. ૬ લાખ લોકોને સારવાર મળી નથી. રેસિડેન્ટ ડોક્ટર ઓપીડીમાં આવતા નથી. ૧૫૦૦થી વધુ દર્દીઓની એન્જિયોગ્રાફી કરવામાં આવી ન હતી. ડોકટરોને કામ પર પાછા ફરવા માટે કહેવામાં આવવું જોઈએ. જેના જવાબમાં સુપ્રીમે આદેશ આપ્યો હતો કે, અમે નિર્દેશ આપીએ છીએ કે જો જુનિયર ડૉક્ટરો ૧૦ સપ્ટેમ્બરે સાંજે ૫ વાગ્યા સુધીમાં કામ પર પાછા નહીં આવે તો અમે રાજ્ય સરકારને તેમની સામે શિસ્તભંગના પગલાં લેવાથી રોકી શકીએ નહીં. જો તેઓ કામ પર પાછા ફરશે તો તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં કારણ કે અમને આ બાબતની જાણ છે.



# કેદારનાથના રસ્તા પર ભૂસ્ખલન, કાટમાળ નીચે દબાઈ જવાથી પાંચ શ્રદ્ધાળુઓના મોત

**મૃતકોમાં એક સુરતના શ્રધ્ધાળુ હોવાનું જાણવા મળ્યુ**

દહેરાદુન,તા.૧૦

ઉત્તરાખંડના કેદારનાથના રસ્તા પર ગઈ મોડી રાત્રે ભૂસ્ખલન થયું હતું. કાટમાળ નીચે દટાઈ જવાથી પાંચ શ્રદ્ધાળુઓના મોત થયા હતા, જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. SDRFએ મંગળવારે સવારે કાટમાળમાંથી મૃતદેહોને બહાર કાઢ્યા હતા. આ દુર્ઘટના સોનપ્રયાગથી અડધો કિલોમીટર દુર ગૌરીકુંડ પાસે કેદારનાથ માર્ગ પર સર્જાઈ હતા. મૃતકોમાં એક શ્રદ્ધાળુ નેપાળના, ૩ મધ્યપ્રદેશના અને ૧ સુરતના રહેવાસી છે. દુર્ઘટનામાં કુલ ૫ જીવ ગુમાવનારાઓમાં મધ્યપ્રદેશના ધારના રહેવાસી ગોપાલ (૫૦), દુર્ગાબાઈ ખાપર, સમનબાઈ (૫૦), સુરતના રહેવાસી ભરતભાઈ નિરાલાલ (૫૨) અને નેપાળના રહેવાસી તિતલી દેવી મંડળ (૭૦) સામેલ છે. હવામાન વિભાગે મંગળવારે (૧૦ સપ્ટેમ્બર) રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ સહિત ૨૫ રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે. તે પૈકી મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં રેડ એલર્ટ છે. આનો અર્થ એ છે કે દિવસભર ભારે વરસાદ પડી શકે છે. ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે. મધ્યપ્રદેશમાં છેલ્લા બે દિવસમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૨ લોકોના મોત થયા છે. વિદિશાની બેતવા નદીમાં સોમવારે પાંચ લોકો ડૂબી ગયા હતા. સિહોરના દિગંબર ધોધ ખાતે પિકનિક માટે આવેલા ડોકટરનું ડૂબી જવાથી મોત થયું હતું. છત્તીસગઢના રાયપુર, બિલાસપુર, દુર્ગ, બસ્તરમાં સોમવાર રાતથી સતત વરસાદ પડી રહ્યો છે. ધમતરીમાં આવેલ મુરૂમ સિલ્લી ડેમ છલકાયો છે. ડેમના ૩ દરવાજા ખોલવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન વીજળી પડવાથી ૨ લોકોના મોત થયા છે. દુર્ગમાં એક યુવક નાળામાં તણાઈ ગયો હતો. રાજસ્થાનના પુષ્કરમાં આવાલું તળાવમાં પાણી ભરાવાને કારણે રહેણાંક વિસ્તારો ડૂબી ગયા છે.



### દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાગવાના ભણકારા

# દિલ્હી સરકારને બરખાસ્ત કરવાની માંગ કરતી અપીલ રાષ્ટ્રપતિએ ગૃહ મંત્રાલયને મોકલી

નવીદિલ્હી,તા.૧૦

રાષ્ટ્રપતિએ દિલ્હી સરકારને બરખાસ્ત કરવાની માંગ કરતી દિલ્હી ભાજપની અપીલ ગૃહ મંત્રાલયને મોકલી છે. આ સંદર્ભમાં દિલ્હી વિધાનસભામાં વિપક્ષના નેતા વિજેન્દ્ર ગુપ્તાએ કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને બંધારણના કથિત ઉલ્લંઘન બદલ આમ આદમી પાર્ટી (આપ) સરકારને બરતરફ કરવાની માંગ સાથે સુપ્રત કરાયેલ મેમોરેન્ડમને મોકલવામાં આવશે. વિજેન્દ્ર ગુપ્તાએ એક નિવેદનમાં દાવો કર્યો છે કે દિલ્હી સરકાર દ્વારા છઠ્ઠા દિલ્હી નાણાં પંચની રચના ન કરવી અને કેગના અહેવાલ પર કોઈ પગલાં ન લેવા એ "બંધારણનું ઉલ્લંઘન" છે. તમને જણાવી દઈએ કે ભાજપના ધારાસભ્યોનું એક પ્રતિનિધિમંડળ ૩૦ ઓગસ્ટના રોજ રાષ્ટ્રપતિને મળ્યું હતું અને એક મેમોરેન્ડમ સુપરત કર્યું હતું જેમાં તેમણે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના જેલમાં હોવાના કારણે "દિલ્હીમાં ઉદ્ભવતા બંધારણીય સંકટમાં તાત્કાલિક હસ્તક્ષેપ" કરવાની વિનંતી કરી હતી. રાષ્ટ્રપતિના સચિવાલયમાંથી મળેલા પત્રને શેર કરતા, વિજેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે, "રાષ્ટ્રપતિએ મેમોરેન્ડમની નોંધ લીધી છે અને તેને ગૃહ સચિવને મોકલી છે." તમને જણાવી દઈએ કે દિલ્હી વિધાનસભાના વિપક્ષના નેતા વિજેન્દ્ર ગુપ્તાના નેતૃત્વમાં ધારાસભ્યોએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને અરવિંદ કેજરીવાલ સરકારના કામકાજ પર ગંભીર ચિંતા વ્યક્ત કરીને દિલ્હીમાં ચાલી રહેલા બંધારણીય સંકટમાં તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની અપીલ કરી હતી. મેમોરેન્ડમમાં સૌથી પહેલા દિલ્હીના લકવાગ્રસ્ત વહીવટી તંત્રનો મુદ્દો ઉઠાવતા કહેવામાં આવ્યું હતું કે સીએમ કેજરીવાલ આબકારી નીતિ કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના ગંભીર આરોપમાં ચાર મહિનાથી વધુ સમયથી જેલમાં છે. જેલમાં હોવા છતાં, કેજરીવાલે રાજીનામું આપવાનો ઈનકાર કર્યો છે, જેના કારણે ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ છે અને દિલ્હીમાં વહીવટી તંત્ર સંપૂર્ણ રીતે તૂટી ગયું છે. મેમોરેન્ડમમાં કહેવામાં આવ્યું હતું કે મહત્વપૂર્ણ વહીવટી નિર્ણયોમાં વિલંબ થઈ રહ્યો છે અને આવશ્યક સેવાઓ પર ખરાબ અસર પડી રહી છે, જેના કારણે દિલ્હીના લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.











# ફૂલેરાથી અમદાવાદ જઈ રહેલી માલગાડીને ઉથલાવી દેવાનું ષડયંત્ર

અજમેર,તા.૧૦

રાજસ્થાનના અજમેરના લામાના ગામમાં રેલવે ટ્રેક પર બે જગ્યાએ મુકેલા સિમેન્ટના બ્લોક મળ્યા હતા. ફૂલેરાથી અમદાવાદ જઈ રહેલી માલગાડી તેની સાથે ટકરાઈ હતી. આ ઘટના રવિવારે રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે બની હતી. જો કે, સોમવારે મોડી રાત્રે તેની FIR નોંધવામાં આવી હતી. બીજી તરફ પોલીસે તપાસ માટે SITની રચના કરી છે. ઘટનાને ટ્રેનને પાટા પરથી ઉતારી દેવાનું ષડયંત્ર માનવામાં આવી રહ્યું છે. રાજ્યમાં ૧૭ દિવસમાં આ ત્રીજી અને દેશમાં ત્રણ મહિનામાં નવમી ઘટના સામે આવી છે. એક બ્લોકનું વજન ૭૦ કિલો હોવાનું કહેવાય છે. આ પહેલા ૨૮ ઓગસ્ટે બારાંના છબરામાં પાટા પર બાઈકનો સ્ક્રેપ મુકવામાં આવ્યો હતો. એન્જિન બાઈકના સ્ક્રેપ સાથે અથડાયું હતું. તેમજ, ૨૩ ઓગસ્ટના રોજ પાલીમાં અમદાવાદ-જોધપુર વંદે ભારત ટ્રેક પર મૂકવામાં આવેલા સિમેન્ટ બ્લોક સાથે ટકરાઈ હતી. છેલ્લા કેટલાક મહિનામાં દેશના વિવિધ ભાગોમાં ટ્રેનને પાટા પરથી ઉતારી દેવાના ષડયંત્રની ઘટનાઓ બની રહી છે.




સંજોગ ન્યૂઝ

આપણું અમરેલી

બુધવાર, તા.૧૧-૦૯-૨૦૨૪


# ખાંભાના નવા માલકનેશ ગામમાં દીપડો કૂવામાં ખાબકતા રેસ્ક્યુ



અમરેલી,તા.૧૦

ખાંભા તુલસીશ્યામ રેન્જમાં આવેલ નવા માલકનેશ ગામમાં મેપાભાઈ જીણાભાઈ સોલંકીની વાડીમાં આકસ્મિક રીતે કૂવામાં ૨ વર્ષનો દીપડો પડી જતા સ્થાનિક લોકોએ વનવિભાગને જાણ કરતા આર.એફ.ઓ. રાજલ પાઠકની ટીમ દોડી આવી અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ખુલ્લા કૂવામાંથી દીપડાને બહાર કાઢવા પાંજરું અંદર ઉતારી વનવિભાગની ટીમને દીપડાને જીવિત બહાર કાઢવામાં સફળતા મળી છે. સ્થાનિક લોકો પણ વનવિભાગની મદદ માટે અહીં દોડી આવ્યા હતા અને દીપડાને સુરક્ષિત બહાર કાઢી જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે મોકલવામાં આવ્યો છે.

# અમરેલી જિલ્લામાં ગણેશ પંડાલમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

**રાત્રીના સમયે પોલીસે ફુટ પેટ્રોલીંગ શરૂ કર્યુ**



અમરેલી,તા.૧૦

સુરતના ગણેશ પંડાલમાં પથ્થરમારાની ઘટના બાદ રાજયની પોલીસ સતર્ક બની છે. જેમાં અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ દ્વારા દરેક થાણા અધિકારીઓને સૂચના આપી છે. ગણેશ પંડાલ ક્યા ક્યા વિસ્તારમાં છે, કોણ કોણ આયોજકો છે તેની યાદીઓ તૈયાર રાખવા, ઉપરાંત પોલીસનો સતત બંદોબસ્ત રાખવા જેથી કોઈ બનાવ બને નહિ ઉપરાંત રાત્રીના સમયે ફૂટ પેટ્રોલીંગ કરવા સૂચન કર્યું છે. હોમગાર્ડ અને પોલીસ જવાનોને ગણેશ પંડાલ વિસ્તારમાં બંદોબસ્તમાં ફાળવી રાખવા આ પ્રકારની અલગ અલગ સૂચનાઓ આપતા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યું છે.

**સંમેલનમાં જિલ્લાનાં સંતો, આગેવાનો ઉપસ્થિત રહેશે**

# અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વિ.હિ.પ. દ્વારા સંમેલનનું આયોજન

અમરેલી, તા.૧૦

સમગ્ર દેશમાં લવ જેહાદનું પ્રમાણ વધવા પામ્યું છે. ગૌરક્ષા માટે કાયદા, ધર્માંતરણ અટકાવવું, હિન્દુ પરિવારોની ઘરવાપસી, સામાજીક સમરસતા સહિતનાં કાર્યો વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. આજે પણ ૩૨ દેશોમાં ૫૩ હજાર કરતાં વધુ સમિતિઓ, ૭૦૦ જેટલા પૂર્ણકાલીન કાર્યકર્તાઓનાં માધ્યમથી ચાલતી વિ.હિ.પ. પોતાના ૬૦ વર્ષ પછી સમગ્ર હિન્દુ સમાજને માહિતગાર કરવાના હેતુ સાથે દેશના દરેક ભાગમાં હિન્દુ સંમેલન કરવાનું આયોજન નક્કી કરવામાં આવ્યુ છે. જેનાં ભાગરૂપે અમરેલી જિલ્લાના ષષ્ટીપૂર્તિ સમારોહનાં અધ્યક્ષ અને વિ.હિ.પ.નાં ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈની આગેવાનીમાં જિલ્લા અધ્યક્ષ ઈતેષભાઈ મહેતાના માર્ગદર્શન નીચે તા.૧૨ થી ૧૭ સપ્ટેમ્બર સુધી લીલીયા, લાઠી, દામનગર, બાબરા, ચિતલ, કુંકાવાવ, વડીયા, ધારી, બગસરા, ચલાલા વગેરે પ્રખંડમાં વિ.હિ.પ. દ્વારા વર્ષના સમારો પ્રસંગ સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ સંમેલનમાં જિલ્લાના સંતો, હિન્દુ આગેવાનો વગેરે ઉપસ્થિત રહેશે. જિલ્લામાં યોજાનાર સંમેલનને સફળ બનાવવા વિ.હિ.પ.ના જિલ્લા ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ ત્રિવેદી, ડો. પંકજભાઈ ત્રિવેદી જિલ્લા સહમંત્રી ધર્મેશભાઈ ગોંડલીયા, વિપુલભાઈ દવે, પ્રખંડ પ્રભારી યુવરાજસિંહ પલવાર, જીગુશુભાઈ મહેતા, અશોકભાઈ ભેસાણીયા, શૈલેષભાઈ પોપટ, ઈશ્વરભાઈ રાજ્યગુરુ, વિદુરભાઈ ડાબસરા, પ્રતાપસિંહજી રાઠોડ, દિલીપસિંહજી પરમાર, પ્રખંડ અધ્યક્ષ નિલેશભાઈ શેખલીયા, ચેતનભાઈ જમોડ, ઘનશ્યામભાઈ પરમાર, ગજેન્દ્રભાઈ શેખવા, રમેશભાઈ સોરઠીયા, સંજયભાઈ લાખાણી, મનીષભાઈ, અશોકભાઈ બાબરીયા, શિવરાજભાઈ વાળા, યસરાજ ધાધલ , સંજયભાઈ પંડયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે તેમ જિલ્લા પ્રચાર પ્રસાર પ્રમુખ રસિકભાઈ વેગડની યાદીમાં જણાવેલ છે.

# કોટડાપીઠામાં ગણેશોત્સવની ઉજવણી



બાબરા, તા.૧૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે ચોરા ચોકમાં આવેલા રામજી મંદિરમાં ગણપતિની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે. ગામ લોકો દ્વારા ધામધૂમપૂર્વક ગણેશોત્સવની ઉજવણી થઈ રહી છે. ગામમાં અનેક ઘરોમાં ગણેશ સ્થાપન કરવામાં આવ્યું છે. ખેતીકામ માટે ગામમાં આવેલા આદિવાસી સમાજ દ્વારા પણ ગણપતિદાદની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે.

# રાજુલાનાં વિક્ટર ગામે નાના ભુલકાઓએ બચતમાંથી ગણેશજીની સ્થાપના કરી



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૧૦

રાજુલા તાલુકાના વિક્ટર ગામનાં નાના નાના બાળકોને ભણવા જતી વખતે ઘરેથી ૫-૧૦ રૂપિયા નાસ્તા માટે આપતા હોય છે. જે રકમ બચત કરીને તેમાંથી ગણેશજીની મૂર્તિ લાવ્યાં અને આ ગણેશજીની રીક્ષામાં સ્થાપના કરવામાં આવી છે. દરરોજ સવાર સાંજ પ્રસાદ ધરીને આરતી કરવામાં આવે છે. આ નાના બાળકોને શાળામાંથી લેશન આપવામાં આવે છે. એ લેશન જ્યાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી ત્યાં બેસીને બધા બાળકો દ્વારા પહેલાં લેશન કરવામાં આવે છે એ પછી ગણેશજીને પ્રસાદનો ભોગ ધરીને આરતી કરવામાં આવે છે.

# લાઠી ખાતે તા.૨૫મીએ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

અમરેલી,તા.૧૦

લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે તા.૨૫-૯-૨૦૨૪ના રોજ સવારે ૧૧ કલાકે લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તેવા સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો રજૂ કરવા. તા.૧૭ના રોજ બપોરે ૩:૦૦ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા પોસ્ટ મારફતે મળી જાય તે રીતે મોકલવા. અરજીના મથાળે “તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ“ અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારે એક યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલ દ્વારા ઝવેરચંદ મેઘાણીની ૧૨૭મી જન્મ જયંતીની ઉજવણી



સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં ૯ સપ્ટેમ્બરે શ્રી કે.કે. હાઈસ્કૂલ અને કે.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલમાં એન.એસ.એસ યુનિટની નિયમિત પ્રવૃત્તિ અંતર્ગત, ઝવેરચંદ મેઘાણીની ૧૨૮મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મેઘાણીના સ્વરચિત શોર્યગીતોની સ્પર્ધાની સાથે ચિત્ર અને નિબંધ સ્પર્ધાનું પણ આયોજન થયું હતું. આ સંગીત સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાંથી ત્રણ ભાઈઓ-બહેનો અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી પાંચ ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. હિરેનભાઈ પરમાર અને એની ટીમ દ્વારા સંગીતના વાદ્યોનો રસાસ્વાદ કરાવવામાં આવ્યો હતો.

# સાવરકુંડલામાં થેલેસેમિયા જાગૃતિ માટે ૧૨મીએ મેગા કેમ્પ યોજાશે

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં ભગવાન શ્રી મહાવીર સ્વામીના અનુયાયી અને સતત ચાર વર્ષથી માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન સાવરકુંડલા વાળા, (હાલ મુંબઈ) અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા કાણકિયા કોલેજ, મહિલા કોલેજ, અધ્યાપન મંદિર, નર્સિંગ કોલેજ, ખડસલી વેટરનરી, કોલેજના વિદ્યાર્થીઓ માટે ૧૨ સપ્ટેમ્બરે મેગા થેલેસેમિયા કેમ્પ યોજાશે. આ કેમ્પનો પ્રારંભ સાવરકુંડલા-લીલીયાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાળા કરાવશે. આ અવસરે ડી.એચ. ભાલાળા-પ્રાંત અધિકારીશ્રી, એસ.એચ. બારૈયા-મામલતદાર, વલય સાહેબ-એ.એસ.પી, બી.કે. વાઘેલા-પીએસઆઈ સાવરકુંડલા ટાઉન પોલીસ, પી.એલ. ચૌધરી પીએસઆઈ સાવરકુંડલા રૂરલ પોલીસ, ચંદ્રિકાબેન ઘેલાણી / કામદાર પ્રમુખ નૂતન કેળવણી મંડળ તથા સમગ્ર ટ્રસ્ટી ગણ અને એ.ડી. રૂપારેલ CA રેડક્રોસ સાવરકુંડલા, મેહુલભાઈ ત્રિવેદી પ્રમુખ સાવરકુંડલા નગરપાલિકા, પ્રતીકભાઈ નાકરાણી ઉપપ્રમુખ સાવરકુંડલા નગરપાલિકા, ડો. જે.બી. વડેરા ચેરમેન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, મેહુલભાઈ વ્યાસ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, પીપળીયા સાહેબ વાઈસ ચેરમેન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વગેરે રાજકીય સામાજિક આગેવાનો, અધિકારીઓ અને ડોક્ટરો ઉપસ્થિત રહેશે.

# સા.કુંડલામાં વી.ડી. કાણકીયા કોલેજ અને સેબીના સંયુક્ત ઉપક્રમે સેમિનાર યોજાયો



તસ્વીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૧૦

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી. કાણકીયા આર્ટ્સ અને શ્રી એમ.આર. સંઘવી કોમર્સ કોલેજમાં આજે એક મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે સેબીના ટ્રેનર ભાવિનભાઈ ગોસાઈ અને સહાયક ટ્રેનર આકાશભાઈ ગોસ્વામી હાજર રહ્યા હતા. સેમિનારમાં વિવિધ સ્ત્રોતો જેવાં કે કેપિટલ માર્કેટ, મ્યુચ્યુઅલ ફંડ્સ, આઈપીઓ વગેરે પર ખૂબ જ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાના માર્ગદર્શન હેઠળ, કોમર્સ વિભાગના પ્રો. ડો. કલ્પેશ રાડીયા અને કોમ્પ્યુટર વિભાગના પ્રો. જીગ્નેશભાઈ મહેતાએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ પ્રયાસ કર્યા હતા. સેમિનારના પ્રશ્નકાળ દરમિયાન વિદ્યાર્થીઓએ બચત અને રોકાણને લગતા અનેકવિધ સવાલો પૂછ્યા હતા, જેના ટ્રેનર દ્વારા સંતોષકારક રીતે જવાબો આપવામાં આવ્યા હતા. આ સેમિનારનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને નાણાકીય આયોજનના મહત્વ અને તેની અમલવારીની સમજ પ્રદાન કરવાનો હતો.










# સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૧૦

અમરેલીની સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબનાં પ્રમુખ અને તપોવન આશ્રમના સ્વપ્રદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શન તળે દુંદાળાદેવ ગણપતિદાદાની વંદનાના પર્વ 'ગણેશ મહોત્સવ-૨૦૨૪'નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. અમરેલી મધ્યમાં સિનિયર સિટીઝન પાર્ક



ખાતે સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા ગણેશ ઉત્સવમાં તા.૦૯ નાં રોજ સવારની આરતી એપેક્ષ સ્કૂલના બાળકોએ ઉતારી હતી, દાદાને બપોરનો થાળ અગ્રણી વેપારી કાળુભાઈ અકબરી તરફથી ધરવામાં આવેલ તેમજ સાંજની આરતી બહેરા-મૂંગા સ્કૂલ અને સર્વોદય સ્કૂલના બાળકો દ્વારા ઉતારવામાં આવી હતી. પ્રસાદ હરિઓમ ડેરી ફાર્મ તરફથી ધરવામાં આવેલ હતો. ગણેશ ઉત્સવમાં બહોળી સંખ્યામાં નગરજનો દર્શનલાભ લઈ રહ્યાનું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

# અમરેલીનાં લીલીયા મોટા ખાતે સાંસદની હાજરીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

લીલીયા મોટા, તા.૧૦

અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયાની ઉપસ્થિતિમાં લીલીયા મોટાનાં અમૃત સરોવર બાગમાં આજે એક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા આપવામાં આવેલ ૫૦ ટ્રી ગાર્ડ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મામલતદાર જયરામભાઈ દેસાઈ,



મદદનીશ તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, જલધારા સમિતિના પ્રમુખ બટુકભાઈ ધામત, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ સાવજ, કાનજીભાઈ નાકરાણી, કેતન ઢાકેચા, ઘનશ્યામભાઈ મેઘાણી, કેપ્ટન ધામત તુષાર ધોરાજીયા, આનંદ ધાનાણી સહિતના તાલુકા ભાજપ પરિવારના કાર્યકરો અને હોદેદારો તથા વન વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ પંચાયતના સદસ્યો શાંતિભાઈ વાઘેલા, રવજીભાઈ વઘેડીયા, રૂપાભાઈ ભરવાડ અને વિજયભાઈ શેખલીયા દ્વારા આ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# સ્વ. મોટાભાઈના સ્મરણાર્થે સાવરકુંડલાની આશ્રમશાળામાં બટુક ભોજન કરાવ્યું

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલાના નૂતન કેળવણી મંડળના પૂર્વ હિસાબનીશ પ્રફુલભાઈ એલ. પંડ્યા તથા ભાવનાબેન દ્વારા તેમનાં મોટા ભાઈ દિલીપભાઈ એલ. પંડ્યાના સ્વર્ગવાસ પછીની પહેલી પાંચમના દિવસે અનુદાનિત પ્રાથમિક આશ્રમશાળાના બાળકોને પ્રેમથી મિષ્ટાન્ન ભોજન કરાવેલ. આશ્રમશાળાના બાળકોની સારસંભાળ, અભ્યાસની તકેદારી તથા બાળકોના સર્વાંગી વિકાસની



ખેવના, હરહંમેશ અપાતા પૌષ્ટિક ખોરાકની કાળજી લેતાં શાળાનાં કર્મચારીઓને તેમણે ધન્યવાદ આપેલ હતા.

આ ઉપરાંત વ્યવસ્થા જોઈને ખુશી વ્યક્ત કરીને મેનેજિંગ ટ્રસ્ટી મુકુન્દભાઈ નાગ્રેચા તથા ટ્રસ્ટી વિનુભાઈ રાવળે બાળકોને વિશેષ સવલતો-જરૂરિયાતની આચાર્ય અશોકભાઈ સાથે ચર્ચા કરી હતી.

# સાવરકુંડલામાં પોષણ માસ ઝુંબેશમાં બાળકો-વાલીઓને પ્રોત્સાહિત કરાયા

સાવરકુંડલા, તા.૧૦

પોષણ માસ (પોષણ મહિનો) ઝુંબેશ, બાળ આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપવાના હેતુથી, સાવરકુંડલા ઘટક-૧ના સાવરકુંડલા-૩નું આંગણવાડી કેન્દ્ર કેશવધામ ખાતે એક પ્રેરણાદાયી ઘટનાનું સાક્ષી બન્યું હતું. જેમાં માતા-પિતાને બાળકોની ઉંચાઈ અને વજન માપવાના મહત્વ વિશે શિક્ષિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું અને તેમની વૃદ્ધિનું નિરીક્ષણ કરવા અને તેમની



સુખાકારી સુનિશ્ચિત કરી હતી. આ કાર્યક્રમમાં CDPO દક્ષાબેન ભટ્ટ, હિરલબેન અજમેરા, DPC અમરેલી, ફાલ્ગુનીબેન યાદવ, BPA અમરેલી અને દક્ષાબેન પંડયા મુખ્ય સેવિકા, વોર્ડના કાઉન્સેલર દયાબેન નીતિનભાઈ હેલૈયા સહિત NNM, પાપા પગલી અને DISMU ટીમો, આંગણવાડી વર્કર તથા હેલ્પરના સમર્પિત સ્ટાફ સહિત અનેક મુખ્ય વ્યક્તિઓએ હાજરી આપી હતી. આ વ્યાવસાયિકો માતા-પિતાને નિર્ણાયક ભૂમિકા વિશે શિક્ષિત કરવા માટે અથાક મહેનત કરી કે નિયમિત ઊંચાઈ અને વજનની તપાસ કુપોષણ અને મંદ વૃદ્ધિની પ્રારંભિક તપાસ કરાવે છે. દિવસની મુખ્ય વિશેષતા લાભાર્થીઓના ઘરે પ્રતિકાત્મક વૃક્ષારોપણની પ્રવૃત્તિ હતી, જે માત્ર બાળકો જ નહીં પરંતુ પર્યાવરણના સંવર્ધનના સંદેશને પ્રોત્સાહન આપે છે. છોડ ચાલુ વૃદ્ધિ અને પોષણનું પ્રતિનિધિત્વ કરે છે જે બાળકો અને પરિવારો વિવિધ પોષણ કાર્યક્રમોના સમર્થન દ્વારા પ્રાપ્ત કરવાનું ચાલુ રાખશે. cdpo દક્ષાબેન ભટ્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "પોષણ માહ માત્ર જાગૃતિ જ નહીં પરંતુ ક્રિયાશીલ રહેવા માટે છે. આ અભિયાનથી પ્રદેશમાં બાળકોના સ્વાસ્થ્ય અને પોષણના સ્તરમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે. આ મહત્વપૂર્ણ પહેલમાં ભાગ લેનાર પ્રતિબદ્ધ ટીમો અને માતા-પિતાના આભાર સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

# સા.કુંડલા તાલુકાના યુવા મહોત્સવની ઉજવણી

સાવરકુંડલા,તા.૧૦

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના ઉપક્રમે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અમરેલી દ્વારા સંચાલિત સાવરકુંડલા તાલુકા કક્ષા યુવક મહોત્સવનું આયોજન ૮ સપ્ટેમ્બરે શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પ્રવિણભાઈ સાવજ, જીવનભાઈ વેકરીયા, જીતુભાઈ કાછડીયા, પ્રમોદભાઈ રંગાણી, મેહુલભાઈ ત્રિવેદી, અનિરુદ્ધસિંહ રાઠોડ, તરુણાબેન દેવાણી સહિતના રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા. શરદભાઈ અગ્રાવત (પ્રાંત યુવા વિકાસ અધિકારી અમરેલી) પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નિબંધ, ચિત્ર, લોકગીત, લોકવાર્તા, વક્તૃત્વ સહિતની કુલ ૩૩ સ્પર્ધાઓ યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ મંજુલાબેન ભટ્ટે કર્યું હતું. આ કાર્યક્રમમાં જજ તરીકે નયનાબેન કાપડિયા, વિજયદાન ગઢવી, વર્ષાબેન પટેલ, રીનાબેન નાગર, હેતાંશીબેને સેવા આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા યુવક મંડળના પ્રમુખ વિપુલભાઈ શિંગાળા, ઉપપ્રમુખ અમિતભાઈ પંડ્યા, મંત્રી દેવચંદભાઈ સાવલિયા સહિતના હાજર રહ્યાં હતા.

# સા.કુંડલાના વિજપડી ગામેથી ૮ ખેલી રોકડા ૧૦,૯૮૦ સાથે ઝડપાયા

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના વિજપડી ગામેથી ૮ ઈસમો જુગાર રમતાં રોકડા ૧૦,૯૮૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. વિજપડી ગામે ચીખલી રોડ પર વી.ડી.નગદીયા હાઈસ્કૂલની પાછળ શેરીમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાંથી છગનભાઈ મંગાભાઈ પુરબીયા, સંજયભાઈ માધાભાઈ પરમાર, અલ્પેશભાઈ કીશનભાઈ મહીડા, વિનુભાઈ જેન્તીભાઈ ચૌહાણ, કનુભાઈ ડાયાભાઈ પુરબીયા, ગોપાલભાઈ મનુભાઈ ચૌહાણ, ભીખાભાઈ મંગાભાઈ પુરબીયા તથા મહેશભાઈ સોમાભાઈ પુરબીયા જાહેરમાં ગેરકાયદે રીતે ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રમતા રોકડા રૂ.૧૦,૯૮૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એ. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં ૪ મહિલા પાસેથી ૨૧ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં ૪ મહિલા પાસેથી પોલીસે કુલ ૨૧ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. દામનગરમાંથી ૪ લીટર, જાફરાબાદ બહારપરા સમુદ્રીમાતાના મંદિર પાસેથી ૪ લીટર, સાવરકુંડલામાં બે સ્થળેથી ૧૩ લીટર પીવાનો દેશી દારૂ મહિલાના રહેણાંક મકાનેથી મળ્યો હતો. જિલ્લામાંથી ૯ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ. શારદાબેન (ઉ.વ.૮૫) નું દુઃખ અવસાન થયેલ છે. તે બિપીનભાઈ હરગોવિંદભાઈ પાંધી (સાવરકુંડલા) તથા મુકેશભાઈ હરગોવિંદભાઈ પાંધી તેમજ સોનીયાબેન મુકેશકુમાર પુજારા (જામનગર), રૂપલબેન પંકજકુમાર ભીમજીયાણી (ભાવનગર), આરતીબેન ધર્મેન્દ્રકુમાર પોપટ (ઉના) ના માતુશ્રી તથા સ્વ. બાલુભાઇ કાળીદાસ ગઢીયા (તાતણીયા) ના દીકરી તથા સ્વ. હસુભાઈ બાલુભાઇ ગઢીયા તથા બટુકભાઈ બાલુભાઇ ગઢીયાના બહેન થાય છે. સ્વ.ને શ્રદ્ધાંજલી અર્પણ કરવા માટેની પ્રાર્થના સભા (ઉઠમણું) ચલાલા ખાતે આવેલ પરિશ્રમ સાટોડીપરા ખાતે પરિવારના નિવાસ સ્થાને તા.૧૨-૯-૨૪ ને ગુરૂવારે બપોરે ૪ થી ૬ રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે રાખેલ છે.

ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ 3 ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્કીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય,
સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




Gyanvi Technologies Private Limited
MAKE IN INDIA
OREVA e BIKE MILEAGE MASTI
अब पेट्रोल की टेंशन छोड़ो !
भारत में निर्मित अपनी इलेक्ट्रिक सवारी,ओरेवा ई बाइक चलाओ मगर शान से!
SPECIAL OFFER
ALL PARTS AVAILABLE 100% Servics
OREVA E- BIKE
offer Prize 55,999/-
Rs. 59,999/-
Alish
No RTO / PUC LICENCE PETROL POLLUTION REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665
PROFESSIONAL spa
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી
Appointment Now M.8238599299
અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોલમેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલશ મુકતીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી

**તંત્રી લેખ**

# કંગનાની ફિલ્મ ઈમર્જન્સી પર પ્રશ્નાર્થ અયોગ્ય

સત્ય એ સૂર્ય છે. જેના ઉજાસમાં અંધારાનું અસ્તિત્વ શક્ય નથી. કોંગ્રેસ શાસનમાં જે કટોકટી લાદવામાં આવી તેનું સત્ય પ્રગટ કરતી કંગના રનૌતની ફિલ્મ ઈમરજન્સી અત્યારે સૌથી વધુ ચર્ચામાં છે. આ ફિલ્મના સીનને કાપવામાં આવ્યો છે કેટલાક સીનમાં સુધારા સૂચવાયા આ બધું જરૂરી એટલા માટે જ છે કે સત્ય પ્રગટ થાય પછી તેના પ્રત્યાઘાત તો જો નકારાત્મક હોય તો ફેરફારો કરવા જરૂરી છે. આ ફિલ્મનો અમુક સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે, અમુક રાજકીય પક્ષો પણ આ ફિલ્મની વિરુદ્ધમાં જ છે. ઈન્દિરા ગાંધીના શાસનમાં જે કટોકટી લાદવામાં આવી તેને કારણે જેને સહન કરવું પડ્યું છે, જે લોકો તેનાથી પ્રભાવિત થયા છે, જેણે પોતાના પરિવારજનોને ગુમાવ્યા છે તે લોકો આ સત્ય જાણે છે. પરંતુ રાજકીય રીતે જે લોકોને ડર છે કે આ ફિલ્મ રિલીઝ થશે તો પોતાનો પક્ષ ધોવાઈ જશે તો આવા પક્ષો આ ફિલ્મનો સખત વિરોધ કરી રહ્યા છે. આ ફિલ્મ રિલીઝ થવાની હતી પરંતુ તે શા માટે અટકાવવામાં આવી છે અને તે અંગે કંગના રનૌતનું ઈન્ટરવ્યૂ ગઈકાલે આર ભારત પર પ્રસારિત થયું હતું. જેમાં તેણે ફિલ્મ અંગેના વિવાદો અંગે પણ વિસ્તારથી જવાબો આપ્યા હતા. કંગના રનૌત છેલ્લા કેટલાક દિવસોથી પોતાની અપકમિંગ ફિલ્મ ઈમરજન્સીને લઈ ચર્ચામાં છે. તે ૬ સપ્ટેમ્બરે થિયેટરોમાં રિલીઝ થવાની હતી. પરંતુ, વધતા વિવાદોને કારણે આ ફિલ્મ સેન્સર બોર્ડમાં સર્ટિફિકેશન માટે અટવાઈ ગઈ હતી. આવી સ્થિતિમાં હવે તેની રિલીઝને સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી) તરફથી લીલી ઝંડી મળી ગઈ છે, પરંતુ, આ ફિલ્મ ઘણા ફેરફારો સાથે રિલીઝ થશે. ઈમરજન્સી ફિલ્મમાં ૧૦ ફેરફાર કરવામાં આવ્યા છે, જેની યાદી સેન્સર બોર્ડે ફિલ્મ મેકર્સને મોકલી છે. ફિલ્મમાં ૩ કટ પણ છે. આ ફિલ્મને યુએ સર્ટિફિકેટ (**UA certification**) આપવામાં આવ્યું છે. કંગના રનૌતની ફિલ્મ ઈમરજન્સીમાં બતાવવામાં આવેલા વિવાદિત નિવેદનો પર સેન્સર બોર્ડે ફિલ્મ મેકર્સ પાસે તથ્યોની માંગણી કરી છે. તેમાં રિચર્ડ નિક્સન દ્વારા ભારતીય મહિલાઓ પ્રત્યે કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણી બતાવવામાં આવી છે. તેમાં વિન્સ્ટન ચર્ચિલની ટિપ્પણીનો પણ સમાવેશ થાય છે કે ભારતીયો સસલાની જેમ ઉછેર કરે છે. સેન્સર બોર્ડની માગણી બાદ હવે મેકર્સે આ બંને વિવાદિત નિવેદનો અંગે સૂત્રોને જણાવવું પડશે.આ ફિલ્મ ૮ જુલાઈએ સેન્સર બોર્ડને સર્ટિફિકેટ માટે સબમિટ કરવામાં આવી હતી. જો કે, વધતા જતા વિવાદોને કારણે, તેના સર્ટિફિકેટમાં વિલંબ થયો હતો. તેને ૮ ઓગસ્ટના રોજ યુ/એ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે, જેમાં ૩ કટ સહિત ૧૦ ફેરફાર માટે સૂચનો આપવામાં આવ્યા છે. લગભગ ૩ અઠવાડિયા પહેલા શીખ સંગઠન અકાલ તખ્ત અને શિરોમણી ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીએ આ ફિલ્મ પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી હતી. આવી સ્થિતિમાં, સીબીએફસીએ હવે મણિકર્ણિકા ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડને એક પત્ર લખીને ૧૦ ફેરફારોની યાદી મોકલી છે.૧ સીન ડિલીટ કરવો પડશે, ૧ કટ કરવા મેકર્સ તૈયાર ન હતા સેન્સર બોર્ડ દ્વારા એક સીન બદલવાનું સૂચન કરવામાં આવ્યું છે. બોર્ડ તરફથી માંગ કરવામાં આવી છે કે કાં તો તેને ડિલીટ કરી દેવામાં આવે અથવા તો તેમાં ફેરફાર કરવામાં આવે. તેમાં પાકિસ્તાની સૈનિકો બાંગ્લાદેશના શરણાર્થીઓ પર હુમલો કરતા જોવા મળે છે, જેમાં એક સૈનિકે એક બાળકનું માથું તોડી નાખ્યું હતું અને બીજા દૃશ્યમાં એક મહિલાનું માથું કાપી નાખ્યું હતું. કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી' નું ટ્રેલર થોડા દિવસ પહેલા જ રિલીઝ થયું હતું. આ ફિલ્મ હવે વિવાદોમાં ફસાઈ ગઈ છે પરંતુ કંગનાએ આ તમામ વિવાદોના જવાબો ટીવી ઈન્ટરવ્યૂમાં આપ્યા છે. અભિનેત્રી કંગના દ્વારા ડાયરેક્ટ કરવામાં આવેલ આ બાયોગ્રાફિકલ પોલિટિકલ ડ્રામા ઈમરજન્સી ફિલ્મમાં ઈન્દિરા ગાંધી વખતના સમયની સ્ટોરી બતાવવામાં આવી છે.

# સા.કુંડલામાં જમીન ફાળવણી અને વિકાસ પ્રશ્ને ફ્રેન્ડ સોસાયટીના રહીશો દ્વારા આવેદનપત્ર

સાવરકુંડલા,તા.૧૦


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા નગરપાલિકામાં જમીન ફાળવણી અને વિકાસના પ્રશ્ને ભારે વિવાદ ચાલી રહ્યો છે. ૧૯૬૨માં લલ્લુભાઈ શેઠની આગેવાની હેઠળ અમરેલી કલેક્ટર દ્વારા ૪૯ બ્લોકની જમીન ફાળવવામાં આવી હતી. ૧૯૬૯માં નગરપાલિકાએ રજા ચિઠ્ઠી પણ આપેલી હતી, જેના પગલે લોકોએ પોતાના બ્લોકના બાંધકામ વધારી દીધા હતા. હવે, સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી લઈને નગરપાલિકાને કાયદેસર કરવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ નગરપાલિકાના સત્તાધીશો ઈમ્પેક્ટ ફી સ્વીકારતા નથી.

આ પ્રશ્ને ફ્રેન્ડ સોસાયટીના તમામ રહીશોએ જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી રાજુભાઈ શિંગાળાની આગેવાની હેઠળ સાવરકુંડલાના ધારાસભ્ય, પ્રાંત અધિકારી, મામલતદાર, ચીફ ઓફિસર અને નગરપાલિકાના પ્રમુખને લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનમાં જણાવ્યા મુજબ, જો ઈમ્પેક્ટ ફી સ્વીકારવામાં ન આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે જવા માટે તૈયાર હોવાની ચેતવણી આપવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સંકુલની વિદ્યાર્થિનીઓ ચમકી

અમરેલી, તા.૧૦



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના M.A.(Psy) સેમ.-૪ના પરિણામમાં સંકુલની બે વિદ્યાર્થિનીઓએ ટોપ ૧૦માં સ્થાન પ્રાપ્ત કર્યું છે. સંકુલનું પરિણામ ૧૦૦% સાથે ૧૦૦% ડિસ્ટીંક્શન સાથે આવ્યું છે. યુનિવર્સિટી સેકન્ડનો ખિતાબ મકવાણા હિના ઉસ્માનભાઈએ જીત્યો છે, જ્યારે યુનિવર્સિટી ટેન્થનું સ્થાન ધાંધલા રાજેશ્વરી મુકેશભાઈએ પ્રાપ્ત કર્યું છે. સંકુલ પરિવાર તરફથી વિદ્યાર્થિનીઓ અને સ્ટાફને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# અમરેલીમાં રહી અભ્યાસ કરતી સુરતની વિદ્યાર્થિનીનું ફેક ઈન્સ્ટા એકાઉન્ટ બનાવી બદનામ કરવાનો પ્રયાસ

અમરેલી, તા.૧૦

અમરેલીમાં રહીને અભ્યાસ કરતી મૂળ સુરતની વિદ્યાર્થિનીનું ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવી તેના ફોટાનો દુરુપયોગ કરી મિત્ર સર્કલમાં મોકલી બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે વિદ્યાર્થિનીએ ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ધારક-વાપરનાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીએ ઈન્સ્ટાગ્રામનાં માધ્યમથી તેમને તથા તેમની મિત્રનાં ફોટાનો દુરૂપયોગ કરી બદઈરાદે આ ફોટાની રીલ્સ બનાવી આ ફેક આઈ.ડી.માં પોસ્ટ કરી હતી. તેમજ તેના **Bio** માં ફરિયાદી અને તેની મિત્ર વિશે ખરાબ લખાણ લખ્યું હતું.

ઉપરાંત આ ફેક આઈ.ડી.ની ફોલો રીકવેસ્ટ તેમના કોલેજનાં મિત્ર સર્કલમાં મોકલી ફરિયાદી અને તેની મિત્રની પ્રતિષ્ઠાને હાનિ પહોચાડી હતી તથા કોલેજમાં અને સમાજમાં બદનામ કરવાના બદઈરાદે ફરિયાદીના ફોટાનો દુરૂપયોગ કર્યો હતો.

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની પીઆઈ વી. એમ. કોલાદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી ખાણ - ખનીજ વિભાગે રેતીચોરી કરતા વાહનો ઝડપી પાડ્યા

**તંત્રએ રૂ.૨૦ લાખનો મુદ્દામાલ સીઝ કરી કાર્યવાહી હાથ ધરી**

અમરેલી,તા.૧૦



અમરેલી જિલ્લામાં રેતીચોરોએ માઝા મૂકી છે. તંત્રનો કોઈપણ જાતનો ડર ન હોય તેમ બેફામ ચોરી કરવામાં આવી રહી છે ત્યારે આવા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા માટે કલેકટરએ ખાણ-ખનીજ વિભાગને સૂચના આપી હતી. દિવસ-રાત્રીના બિનઅધિકૃત રેતી ખનન થતુ હોવાની ખાણ-ખનીજ વિભાગને માહિતી મળી હતી જેથી ખાણ-ખનીજ વિભાગે જેથી ખનીજચોરીને અંકુશમાં લાવવા તા.૧૦ના રોજ આંબા-ભેંસવડી શેત્રુંજી નદીના પટમાં સાદી રેતી ચોરી કરવા બદલ બે ડમ્પર અને એક ટ્રેકટર સીઝ કરવામાં આવ્યું હતું. ખાણ-ખનીજ વિભાગે રૂ.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ખનીજચોરી કરનાર ઈસમો સામે કડક કામગીરી હાથ ધરી હતી.

# ઓળીયા ગામની સીમમાં વાડીમાંથી મોટરના ૪૫૦ ફૂટ કેબલની ચોરી

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના ઓળીયા ગામની સીમમાં વાડીમાંથી ૪૫૦ ફૂટ કેબલ વાયરની ચોરી થઈ હતી. બનાવ સંદર્ભે જગદીશભાઈ ધીરૂભાઈ રાદડીયાએ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની તથા સાહેદની વાડી ખેતરમાં અજાણ્યા ચોર ઈસમે ગેરકાયદે પ્રવેશ કરી મોટરનો કેબલ આશરે ૪૫૦ ફૂટ ચોરી ફરાર થઈ ગયા હતા. પોલીસ ચોપડે તેની કિંમત આશરે રૂ.૨૨,૫૦૦ જાહેર થઈ હતી.

# ચિતલ સ્વામિનારાયણ ગુરુકુળના કલાર્ક સામે રૂ.૭,૪૪,૯૫૦ની ઉચાપતની ફરિયાદ

**ફી તેમજ સ્ટેશનરીના રૂપિયા સંસ્થામાં જમા ન કરાવ્યા**

અમરેલી, તા.૧૦

ચિતલ સ્વામિનારાયણ ગુરુકુળના ક્લાર્ક સામે વિદ્યાર્થીઓ પાસેથી ફી, સંસ્થાના વાહન ભાડાના પૈસા લીધા બાદ જમા ન કરાવવા બદલ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આરોપી સામે કુલ ૭,૪૪,૯૫૦ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. ચિતલ ગુરુકુળમાં સેવક તરીકે નોકરી કરતાં રસિકભાઈ કાનજીભાઈ ચૌહાણએ મોણપુર ગામના જયદીપભાઈ પ્રવિણભાઈ વસોયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ચિતલ નામની સંસ્થામાં પોતાની કલાર્ક તરીકેની નોકરી દરમિયાન સંસ્થાની ફી'ની રસીદબુકમાં પાવતી નં.૧ થી ૧૩૮ ના હિસાબ પેટે આવેલ રકમમાંથી રૂ.૧,૮૦,૩૫૦, સંસ્થાના વાહન ભાડાની રસીદમાં પાવતી નં.૧ થી ૩૯ ના હિસાબ પેટે આવેલી રકમમાંથી રૂ.૧,૫૧,૧૫૦, વિદ્યાથીઓની ફી'ના રૂપિયા લઈ પાવતીઓ આપી ન હોય અને તે રકમ જમા કરાવેલી ન હોય તેવી કુલ રકમ રૂ.૧,૬૬,૯૫૦, અગાઉના વર્ષની વિદ્યાર્થીઓની ફી'ની પાવતીનો ચાલુ વર્ષમાં ઉપયોગ કરી વિદ્યાર્થીઓ પાસેથી ફી' પેટે રૂપિયા લીધેલ કુલ રકમ રૂ.૧,૯૬,૫૦૦, સંસ્થાના બાળકોને વધારાના અભ્યાસ અર્થે તેમજ સ્ટેશનરી માટે લીધેલ ફી' આશરે રૂ.૫૦,૦૦૦ મળી કુલ રકમ રૂ.૭,૪૪,૯૫૦ સંસ્થામાં જમા કરાવી નહોતી. આરોપીએ તેમને સોંપાયેલી ફરજનો દુરૂપયોગ કરી ગુનાહીત વિશ્વાસઘાત કર્યો હતો.

# જિલ્લામાં ૩ મહિલા સહિત ૫ ઈસમો પાસેથી દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં ૩ મહિલા સહિત કુલ ૫ ઈસમો પાસેથી દેશી દારૂ પકડાયો હતો. દામનગરમાં એક મહિલાના રહેણાંક મકાનેથી ૮ લીટર, ધામેલ ગામેથી મહિલાના રહેણાંક ઝૂંપડા આગળથી ૪ લીટર, કુતાણા ગામેથી ૪ લીટર, લીલીયામાંથી ૫ લીટર તથા અમરેલીમાં મહિલા પાસેથી ૨ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૭૧૨ |
| ઘઉં લોકવન | ૫૩૮ | ૫૮૪ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૦ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૮૧૫ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૫૬ |
| બાજરી | ૩૯૦ | ૪૭૦ |
| તુવેર | ૧૮૫૦ | ૨૧૭૦ |
| ચણા પીળા | ૧૩૩૦ | ૧૪૫૫ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૨૮૦૦ |
| અડદ | ૧૬૮૭ | ૧૯૪૦ |
| મગ | ૧૫૦૦ | ૧૭૨૧ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૨૧૫૦ |
| ચોળી | ૧૨૦૧ | ૨૪૫૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૦૯૧ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૬૨૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૧૦૩૦ | ૧૧૪૫ |
| અળશી | ૯૫૪ | ૯૫૪ |
| તલી | ૨૦૦૦ | ૨૬૨૦ |
| સુરજમુખી | ૫૫૦ | ૫૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૭૮ |
| સોયાબીન | ૮૭૫ | ૯૦૯ |
| સીંગફાડા | ૯૮૦ | ૧૨૯૦ |
| કાળા તલ | ૩૧૮૦ | ૩૫૬૦ |
| ધાણા | ૧૧૮૦ | ૧૩૮૦ |
| ધાણી | ૧૨૫૦ | ૧૬૫૦ |
| વરીયાળી | ૧૦૨૦ | ૧૨૬૧ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૭૧૩ |
| રાય | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૧૦૧૫ | ૧૩૭૫ |
| રાયડો | ૯૯૦ | ૧૦૫૨ |
| રજકાનું બી | ૪૧૦૦ | ૫૪૦૦ |
| ગુવારનું બી | ૯૮૭ | ૯૯૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૩૧ |
| ડુંગળી સુકી | ૨૫૦ | ૮૨૦ |
| ટમેટા | ૩૩૦ | ૬૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૩૦૦૦ | ૪૦૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| ફલાવર | ૪૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૨૫૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| દુધી | ૩૩૦ | ૫૨૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૭૫૦ | ૧૦૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૩૫૦ | ૫૫૦ |
| ગાજર | ૩૦૦ | ૪૫૦ |
| કંટોળા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૫૦૦ | ૯૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૩૫૦૦ | ૪૫૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૭૦૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૩૫૦ | ૬૮૦ |
| મકાઇ લીલી | ૧૧૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૦૭ | ૧૧૩૮ |
| શિંગ મોટી | ૭૦૧ | ૧૧૪૯ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૧૭૮૫ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૩૧૦ | ૩૬૪૧ |
| તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૨૭૦ |
| બાજરો | ૪૧૨ | ૪૭૪ |
| જુવાર | ૩૦૦ | ૭૯૭ |
| ઘઉં ટુકડા | ૩૪૦ | ૬૦૬ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૬૧૦ |
| મગ | ૧૨૧૫ | ૧૫૨૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૯૯૫ |
| એરંડા | ૧૦૯૨ | ૧૧૪૯ |
| જીરું | ૩૬૪૦ | ૪૫૦૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૪૬ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૨૦ |
| રીંગણાં | ૮૫૦ | ૧૦૫૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૪૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૫૦૦ | ૫૫૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૪૫૦ | ૬૦૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૪૫૦ | ૫૫૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૫૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળા શીંગ | ૫૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૯૫૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૨૫૦૦ | ૩૫૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૮૫૦ | ૯૩૦ |
| બીટ | ૪૫૦ | ૫૩૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૯૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૫૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૮૫૦ | ૨૦૩૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૮૪ |
| કપાસ નવો | ૧૩૦૦ | ૧૬૦૮ |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૨૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૩૦ |
| શીંગ નવી | ૬૫૦ | ૬૭૦ |
| શીંગ દાણા | ૧૩૧૦ | --- |
| તલ સફેદ | ૨૧૨૦ | ૨૪૭૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૫૧૮ |
| ઘઉં લોકવન | ૪૭૬ | ૬૩૯ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૨૨ |
| બાજરો | ૪૪૬ | ૪૭૩ |
| મગ | ૧૧૦૦ | ૧૨૩૦ |
| ચણા | ૧૨૭૦ | ૧૪૨૯ |
| તુવેર | ૧૫૦૦ | --- |
| એરડી | ૧૧૬૦ | --- |
| ધાણા | ૧૦૧૧ | --- |
| રાજગરો | ૧૩૫૧ | --- |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૬૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૮૫ |
| બાજરો | ૩૦૦ | ૪૪૫ |
| ચણા | ૧૦૦ | ૧૪૫૦ |
| મગફળી | ૬૭૦ | ૯૯૭ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૪૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૫૪ | ૧૬૬૬ |
| જીરૂ | ૪૧૪૫ | ૪૪૯૫ |
| ઘઉં | ૪૯૦ | ૫૬૦ |
| તલ સફેદ | ૨૦૮૫ | ૨૩૧૫ |
| તલ કાળા | ૨૪૮૦ | ૨૮૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૫ | ૧૨૫૫ |
| ઘઉં | ૪૮૬ | ૫૧૦ |
| તલ | ૨૩૧૧ | ૨૩૧૧ |
| અડદ | ૧૧૬૫ | ૧૧૬૫ |
| સોયાબીન | ૭૧૫ | ૮૫૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૧૧ | ૧૪૧૧ |
| જુવાર | ૬૯૫ | ૬૯૫ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ઘઉં | ૪૭૦ | ૪૭૦ |
| જીરૂ | ૪૨૮૦ | ૪૨૮૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૯૩૨ |
| તલ કાળા | ૩૦૦૧ | ૩૧૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૩૫ |
| બાજરો | ૪૨૫ | ૫૪૨ |
| ઘઉ ટુકડા | ૫૧૦ | ૬૮૦ |
| જુવાર | ૭૫૦ | ૮૪૦ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૮૦૧ | ૮૦૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૯૦ |
| સોયાબીન | ૬૪૦ | ૮૫૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૪૩ |
| ઘઉં ટુકડા | ૫૩૯ | ૫૫૬ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| જુવાર | ૬૯૦ | ૬૯૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૯૦ |
| મગફળી | ૮૪૦ | ૮૪૦ |
| શીંગદાણા | ૧૪૦૫ | ૧૪૦૫ |
| ડુંગળી | ૫૫૦ | ૫૫૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૦૯૭ | ૧૧૧૬ |
| જુવાર | ૪૩૦ | ૫૨૩ |
| બાજરી | ૪૪૬ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૪૯ |
| મગ | ૧૧૫૫ | ૧૫૩૮ |
| ચણા | ૯૧૨ | ૧૪૦૭ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૫૮ |
| તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| અજમા | ૧૭૮૦ | ૨૨૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૮૨૮ |
| ડુંગળી સફેદ | ૨૫૬ | ૪૬૦ |
| નાળીયેર | ૪૬૬ | ૧૭૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૧૦૩ |
| મગફળી ઘર નં. | ૧૦૫૦ | ૧૧૯૦ |
| બાજરી | ૪૫૦ | ૫૧૪ |
| ઘઉં | ૪૮૦ | ૬૩૩ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સફેદ તલ | ૨૧૭૦ | ૨૬૧૮ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૫૦૪ |
| સોયાબીન | ૮૨૫ | ૮૭૬ |
| જુવાર | ૫૦૦ | ૭૮૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૮૩૦ |
| મગ | ૧૦૫૦ | ૧૭૩૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૫૨ |
| રજકો | ૪૦૦૦ | ૪૮૦૦ |




"છપ્પન ઈંચ" : - જીવી, જીવી જાણી 06

# કારગિલ યુધ્ધ અંગે પાકિસ્તાનની કબૂલાત પછી શું ?



કારગિલ યુધ્ધ પાકિસ્તાન આર્મી જ લડેલી.

પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરે રાવલપિંડીમાં પાકિસ્તાનના સંરક્ષણ અને શહીદ દિવસના કાર્યક્રમમાં આ વાત કબૂલીને સૌને આંચકો આપી દીધો. પાકિસ્તાને ૧૯૯૯માં લડાયેલા કારગિલ યુધ્ધમાં પોતાના સૈનિકોને મોકલેલા એ જગજાહેર હતું પણ પાકિસ્તાન આર્મી આ વાત સ્વીકારતી નહોતી. પાકિસ્તાને શરૂઆતમાં દાવો કર્યો હતો કે, કારગિલ યુદ્ધમાં જિહાદીઓ લડી રહ્યા છે. યુધ્ધ આગળ વધતું ગયું તેમ-તેમ સ્પષ્ટ થતું ગયું કે પાકિસ્તાની સેના આ યુધ્ધમાં સામેલ છે પણ પાકિસ્તાન આર્મીએ કદી આ વાત સ્વીકારી નહોતી.

હવે પાકિસ્તાની સેનાએ પહેલી વાર જાહેરમાં સ્વીકાર્યું છે કે ભારત સામેના ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન આર્મી સામેલ હતી. અસીમ મુનીરે સીધી કબૂલાત કરતાં કહ્યું છે કે, પાકિસ્તાન હિંમતવાન દેશ છે કે જે સ્વતંત્રતાના મહત્વને સારી રીતે સમજે છે અને કોઈપણ કિંમતે દેશની સુરક્ષા કેવી રીતે કરવી એ પણ જાણે છે. ૧૯૪૮, ૧૯૬૫, ૧૯૭૧ના પાકિસ્તાન-ભારત યુદ્ધ હોય કે કારગિલ કે સિયાચીન સંઘર્ષ હોય, પાકિસ્તાનના હજારો સૈનિકોએ રાષ્ટ્ર અને ઈસ્લામ માટે શહાદત વહોરી છે.

આ પહેલાં પાકિસ્તાને ૨૦૧૦માં પાકિસ્તાન આર્મીની સત્તાવાર વેબસાઈટ પર કારગિલ યુદ્ધમાં મરાયેલા ૩૫૦ પાકિસ્તાની સૈનિકોનાં નામ મૂકીને તેમને શહીદ જાહેર કર્યા હતા. પાકિસ્તાને એ વખતે આડકતરી રીતે કારગિલ યુદ્ધમાં પાકિસ્તાનના લશ્કરની સંડોવણી સ્વીકારી લીધી હતી. હવે અસીમ મુનીરે સીધો જ સ્વીકાર કરી લીધો છે કે, પાકિસ્તાન આર્મી કારગિલમાં લડેલી અને પાકિસ્તાની સૈનિકોએ શહાદત વહોરી હતી.

■■■

કારગિલ દેશના જાંબાઝ સૈનિકોના કારણે પાકિસ્તાનના હાથમાં જતાં બચેલું.

કારગિલ યુધ્ધ વખતે પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે નવાઝ શરીફ હતા. ૧૯૯૯માં આપણા વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી બસ ભરીને લાહોર ગયા હતા. લાહોરમાં વાજપેયી શરીફને ગળે મળીને હરખ બતાવતા હતા એ વખતે પાકિસ્તાનનું લશ્કર કાશ્મીર કબજે કરવાના કારસા કરતું હતું. વાજપેયી હરખાતા હરખાતા અહીં પાછા ફર્યા કે પાકિસ્તાને જાત બતાવી ને તેમાં કારગિલનું ધમાસાણ થઈ ગયું.

પાકિસ્તાનના પીઠ્ઠુ જેવા આતંકવાદીઓ અને પાકિસ્તાનના સૈનિકો કારગિલમાં ઘૂસી ગયેલા ને મોટો વિસ્તાર કબજે કરી દીધેલો. ભલું થજો કારગિલમાં બકરાં ચરાવતા ભરવાડોનું કે તેમની નજરે આ હિલચાલ ચડી ગઈ ને તેમણે આપણા લશ્કરને જાણ કરી દીધી તેમાં આપણું લશ્કર સમયસર હરકતમાં આવી ગયું. ભારતીય લશ્કરે ૫ મેના રોજ કારગિલના અંદરના વિસ્તારોમાં પેટ્રોલ ટુકડીઓને મોકલી. પાકિસ્તાની સૈનિકોએ તેમના પર હુમલો કરીને પાંચ સૈનિકોને પકડી લીધા હતા. તેમની ક્રૂરતાથી હત્યા કરી. તેમનાં અંગો કાપી નંખાયેલાં ને વિકૃતિની ચરમસીમા વટાવીને અત્યાચારો કરાયેલા.

આ અત્યાચારોએ ભારતીય લશ્કરને એક્શન મોડમાં લાવી દીધું. આપણા શાસકો તો ઘોરતા જ હતા પણ લશ્કર સમયસર જાગી ગયું તેના કારણે કારગિલ આપણા હાથમાંથી જતાં બચી ગયું પણ એ માટે આપણે આપણા ૫૦૦ કરતાં વધારે જવાનોનો વગર લેવેદેવે બલિ ચડાવવો પડેલો. કારગિલ યુધ્ધ ૬૦ દિવસ સુધી ચાલ્યુ અને ૨૬ જુલાઈ, ૧૯૯૯ ના રોજ ઈન્ડિયન આર્મીએ પાકિસ્તાન આર્મી દ્વારા કબજે કરાયેલી કમાન્ડ પોસ્ટ્સ પર ફરીથી કબજો કરીને ભારતની આબરૂ બચાવી લીધી હતી.

આ આબરૂ બચાવવાની આકરી કિંમત ભારતે ચૂકવી હતી. આ યુધ્ધમાં સત્તાવાર રીતે ભારતના ૫૨૭ જવાનો શહીદ થયા હતા જ્યારે પાકિસ્તાનના ૪૫૩ જવાનો માર્યા ગયા હતા એ જોતાં જીત છતાં ભારતને વધારે નુકસાન થયેલું.

■■■



**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

સવાલ એ છે કે, પાકિસ્તાનની આ કબૂલાત પછી શું ?

સીધો ને સરળ જવાબ એ છે કે, પાકિસ્તાન આર્મીની કબૂલાતના પગલે ભારતીય આર્મીએ કારગિલ યુધ્ધમાં મરાયેલા ભારતીય સૈનિકોની શહાદતનો બદલો લેવા પાકિસ્તાનને પાઠ ભણાવવો જોઈએ. પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ કરીને ભારત પર આક્રમણ કર્યું તેના જવાબમાં ભારતને પણ આક્રમણ કરવાનો અધિકાર છે. ભારત આક્રમણ કરીને કાશ્મીરનો પાકિસ્તાને પચાવી પાડેલો પ્રદેશ એટલે કે પીઓકે કબજે કરવા પ્રયત્ન કરી શકે છે.

કોઈને ૨૫ વર્ષ પહેલાં કરેલા આક્રમણનો બદલો લેવા અત્યારે આક્રમણ કરવાની વાત હાસ્યાસ્પદ લાગે પણ દેશની સુરક્ષા માટે એ જરૂરી છે. ભૂતકાળમાં પાકિસ્તાને આક્રમણ કર્યું ત્યારે ભારતે વળતું આક્રમણ કરીને તેનો જવાબ આપેલો અને પાકિસ્તાનને પાઠ ભણાવ્યો હતો. એ જ સિધ્ધાંત અત્યારે પણ લાગુ પડે છે. પાકિસ્તાને ૨૫ વર્ષ પછી કબૂલાત કરી તેના કારણે પાકિસ્તાને ભારત પર આક્રમણ કરીને ભારતનો પ્રદેશ પચાવી પાડવાની નાપાક હરકત કરેલી એ વાસ્તવિકતા બદલાતી નથી એ જોતાં જેવા સાથે તેવા થઈને ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવો જોઈએ, ૨૫ વર્ષ પહેલાં કારગિલ યુધ્ધમાં શહીદ થયેલા ભારતીય સૈનિકોનું તર્પણ કરવું જોઈએ.

નરેન્દ્ર મોદી સરકાર એવી હિંમત બતાવે એવી શક્યતા ઓછી છે. પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓએ ઉરી, પુલવામા વગેરેમાં ભીષણ આતંકવાદી હુમલા કર્યા ત્યારે મોદી સરકારે ઈંટનો જવાબ પથ્થરથી આપવાની જરૂર હતી. મોદી સરકારે સર્જિકલ સ્ટ્રાઈક કરેલી પણ સર્જિકલ સ્ટ્રાઈકથી નથી આતંકવાદ બંધ થયો કે નથી પાકિસ્તાન આર્મીની નાપાક હરકતો બંધ થઈ.

ઈઝરાયલે જે રીતે પેલેસ્ટાઈન અને ગાઝા પટ્ટીને ખેદાનમેદાન કરીને આતંકવાદીઓને ફફડાવી દીધા છે એવું ભારત પણ કરી શક્યું હોત પણ મોદી સરકાર એ વખતે હિંમત નહોતી બતાવી શકી તો અત્યારે તો ૨૫ વર્ષ પહેલાંના આક્રમણ માટે કશું કરે એવી આશા રાખવા જેવી નથી.

બીજો વિકલ્પ ઈન્ટરનેશનલ કોર્ટમાં જઈને પાકિસ્તાન સામે ઉગ્ર રજૂઆતનો છે. પાકિસ્તાને ભારતના સૈનિકોની હત્યા કરી એ બદલ પાકિસ્તાનની આર્મી સામે કેસ કર્યો જ છે. આ મામલો ઈન્ટરનેશનલ કોર્ટમાં પેન્ડિંગ છે. આમ તો પાકિસ્તાને ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે તેના સૈનિકો કારગિલ યુદ્ધમાં સામેલ હતા એ પછી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. આ સ્થિતિમાં ઈન્ટરનેશનલ કોર્ટ ન્યાય કરી શકે પણ કોર્ટ પાસેથી એ અપેક્ષા રાખવા જેવી નથી. ઈન્ટરનેશનલ કોર્ટ ૨૫ વર્ષથી કેસને લંબાવે છે ને પાકિસ્તાને આક્રમણ કરેલું તેના પુરાવા શું એ સવાલ કર્યા કરે છે. આ સવાલ ફરી આવીને ઉભો રહી જાય ત્યારે અસીમ મુનીર તો કોર્ટમાં ફરી જાય તેથી તેનો બહુ અર્થ નથી.

આ સંજોગોમાં ભારત માટે શ્રેષ્ઠ વિકલ્પ પાકિસ્તાનને પાઠ ભણાવવાનો છે. પાકિસ્તાનના આર્મી ચીફ ભારત પર આક્રમણ કર્યું એવું ખુલ્લેઆમ કબૂલે ને આપણે કંઈ ના કરી શકીએ એ સ્થિતિ શરમજનક કહેવાય.

મોદી સરકાર એ શરમજનક સ્થિતિ પેદા ના કરે એવી આશા રાખીએ.

■■■

ભારત પાકિસ્તાન પર હુમલો કરે તો શું થાય ?

ભારત પાસે જે લશ્કરી તાકાત છે એ જોતાં ભારત હુમલો કરે તો પાકિસ્તાનનો ખુરદો બોલી જાય એ હકીકત છે. ૧૯૪૭ના પહેલા યુધ્ધથી શરૂ કરીને કારગિલ જંગ સુધીના બધા યુધ્ધોમાં ભારતે પાકિસ્તાનનો ભુક્કો જ બોલાવીને તેને કારમી હાર આપી છે. ૧૯૭૧માં તો ભારતે પાકિસ્તાનના ઉભા ફાડિયા કરીને એક નવા રાષ્ટ્ર બાંગ્લાદેશનું સર્જન પણ કરી દીધું. ભૂતકાળમાં થયેલા દરેક યુધ્ધમાં હુમલો ભારતે નહોતો કર્યો પણ પાકિસ્તાને આક્રમણ કર્યું તેનો આપણે જવાબ આપ્યો હતો. આ જવાબમાં જ પાકિસ્તાનના આંટા ઢીલા થઈ ગયેલા તો હવે ભારત સામેથી હુમલો કરે તો શું થાય એ કહેવાની જરૂર નથી.

જો કે ભારતના કોઈ શાસક એ હિંમત અત્યાર સુધી બતાવી શક્યા નથી. પાકિસ્તાન એક પછી એક હુમલા કરતું રહ્યું ને ભારત સંરક્ષણ કરવા માટે તેનો જવાબ આપતું રહ્યું. ભારતે એ સિવાય કશું કર્યું નહીં તેમાં પાકિસ્તાનને ફાવતું મળી ગયું.

કારગિલ યુધ્ધ મુદ્દે પાકિસ્તાનના લશ્કરી વડાની કબૂલાત પછી ભારતે ઈતિહાસ બદલવો જોઈએ અને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર પર કબજો કરવા આક્રમણ કરવું જોઈએ. એ પ્રદેશ ભારતનો જ છે એ જોતાં તેને પાછું લેવાનો ભારતને અધિકાર છે. પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર આપણા હકનું છે તેથી તેના પર કબજો કરવો એ તો આપણો અધિકાર છે.

આ અધિકાર ભોગવવાની હિંમત આપણામાં છે ?

■ sanjogpurti@gmail.com

# એક સવાલ ઊઠશે : તમે શું ઇચ્છો છો ?

આશ્ચર્ય એ વાતનું છે કે પૃથ્વીલોકમાં હજુ સુધી કોઈ સ્થળે 'ખુશામતખોરી કોચિંગ કલાસ' કે 'ખુશામતખોરી ટ્રેનિંગ સેન્ટરો' ખુલ્યાં નથી. ત્યાં સુધી કે કોઈ યુનિવર્સિટીમાં ખુશામતખોરી શીખવતો નાનો એવો ડિપ્લોમા કે નાની એવી 'ડીપ્લોમી' પણ થતી નથી. જગત આખાના શિક્ષણ જગતમાં ખુશામતખોરી વિશેના સ્પેશ્યલ કે ઈવન ચાલુ કોર્સની પણ કોઈ જોગવાઈ નથી.



તમારા મનમાં એવા પ્રશ્નનું ફીંડલુ ઉખળી રહ્યું હોય કે કઈ બલાનું નામ છે આ ખુશામતખોરી? તો તમારા પ્રશ્નને અત્રેના 'વાજબી સવાલ' વિભાગમાં લઈ જવામાં આવે છે. અને આપને તદ્દન 'વાજબી ભાવે' જવાબ આપવામાં આવે છે કે ખુશામતખોરી એટલે કોઈ પણ વ્યક્તિની હદ બહારની કે વધારે પડતી પ્રશંસા. જગતભરના ગુજરાતી મનુષ્યો જેને ચાપલૂસી કહે છે તેની શાબ્દિક અમલ-પ્રક્રિયાને ખુશામતખોરી કહેવામાં આવે છે. અર્થાત એક સર્વસામાન્ય જાગતિક સમજ અનુસાર ખુશામતખોરી એક શબ્દશસ્ત્ર છે. શસ્ત્ર નહી તો સાધન તો છે જ. ખુશામતખોરી નામના હથિયાર વડે અત્યાર સુધી અનેક રાજાઓ અને તેમના રજવાડાંઓ 'ખોવાયમાન' થઈ ચૂક્યાં છે. ખુશામતખોરીની મનમોહક ભ્રમણાઓ અબજોમાં આળોટતી કસદાર કંપનીઓને કાટમાળ બનાવી ચૂકી છે. ડેલ કાર્નેગી કહે છેઃ દુશ્મનોથી ડરવાની કોઈ જરુર નથી. ડરવું હોય તો ખુશામતખોરી કરનારા મિત્રોથી ડરો.

તમને હજુ ય પ્રશ્ન નથી થયો કે કઈ રીતે ઉખેળવામાં આવે છે ખુશામતખોરીના ફીંડલા? કેમ નથી ખુલ્લા એના કોચિંગ ક્લાસ? જવાબ છેઃ આ 'મહાપરિણામદાયી' કલા સર્વસાધ્ય અને સહજસાધ્ય છે. ખુશામતખોરીમાં તમારે શિયાળના મનમાં એવું ઠસાવવાનું છે કે તમે એને સિંહ માનો છો. ખુશામતખોરીમાં તમારે તમારી પ્રેમિકાને જેનિફર એનિસ્ટન કે જેનીફર લોપેઝ કરતા ચોવીસ ચાસણી ચઢિયાતી ગણાવાની છે. (માનવાનું ફરજિયાત નથી !) ખુશામતખોરીના અઘોર અમલમાં તમારો લેટેસ્ટ લવર, જસ્ટીન બિબર કરતાં સ્હેજ પણ ઉતરતો ન હોઈ શકે. સ્વભાવના ચહેરા ઉપર ખુશામતખોરીનું માખણ લગાડીને તાત્કાલિક 'પૌષ્ટિક પ્રમોશન' મેળવવું હોય તો તમારાં ઉપરી અધિકારીએ લીધેલા નિર્ણયને ઉત્તમ, અદભૂત અને ઐતિહાસિક ગણાવતા રહો... (...જે-તે ઉપરી અધિકારી સમક્ષ ; જગત સમક્ષ તો સાવ નિખાલસ બનવાની છૂટ છે!) પણ અમેરિકન એફોરિસ્ટ મેસન કૂલીનું એક સ્ટેટમેન્ટ યાદ રાખોઃ તમે કોઈ પણનું અપમાન કરશો અથવા ખુશામતખોરી કરશો, સામેથી એક સવાલ ઊઠશેઃ તમે શું ઇચ્છો છો?

**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

તાત્કાલિક સફળ નેતા બનવા માટે ખુશામતખોરી અત્યંત આવશ્યક એલિમેન્ટ છે. એમાં તમારે ઉપરી નેતાઓની ખુશામતખોરી ફરજિયાત કરવી જ પડે; સાથોસાથ તમારે નીચેના કાર્યકરો જ નહીં, મતદારોની ખુશામતખોરી પણ કરવી પડે. મતદારોથી લઈને મોટા નેતાઓ સુધીના તત્વોના આભાર માનવાની બઘડાટી બોલાવ્યે રાખવી પડે. યાદ રાખો, આ પ્રકારની ખુશામતખોરી નહીં કરવાને કારણે અબ્રાહમ લિંકનને અને ગાંધીજીને પહેલે ધડાકે સફળતા નહોતી મળી. હા, ગાંધી કે લિંકન બનવું હોય તો ખુશામતખોરીના ફોસલામણા પડછાયાથી દૂર રહેવું પડે. ખુશામતખોરીથી દૂર રહેવાથી તમારા પર 'મહાન' બની જવાનો ખતરો સદાય ઝળૂંબેલો રહે છે અને મહાન બનવામાં સૌથી મોટી માથાકૂટ રહેતી હોય તો તે એ છે કે તમારે તમારી સાથે સહમત થવાનું અઘરું કામ સહેલાઈથી પતાવતા રહેવું પડે છે. માટે જ મહાન બની જવાથી ડરી ગયેલાં શખ્સો ખુશામતખોરીથી હંમેશા દૂર ભાગે છે, અથવા તો ભાગવાનો દેખાવ કરી રહ્યા હોવાનો દેખીતો દેખાવ કરે છે અને આ દેખીતાપણું દેખીતી રીતે દેખીતું દેખાઈ ન આવે તે માટે પણ તેઓ દેખીતી રીતે દેખાવ કરે છે.

કેટલાક લોકો તો એવી પણ સલાહ આપે છે કે સફળ લગ્નજીવન જીવવું હોય તો પત્નીની ખુશામતખોરી કરો. જો કે ખુશામતખોરી કરનારો માણસ ક્યારેક ખતરનાક ઉલ્ઝનમાં ફસાઈ શકે છે. જોનાથન સ્વિફ્ટ કહે છે : "ખુશામતખોરી જેવો ગેરવર્તાવ બીજો એકેય નથી. જો તમે બધાની ખુશામતખોરી કરો તો કોઈને ખુશ કરી શકતા નથી અને જો એકાદ-બેની કરો તો બાકીનાઓની નારાજગી વહોરો છો."

એક્ચ્યુઅલી, ખુશામતખોરી કેમ કરાય એ લગભગ બધાને આવડતું જ હોય છે. પ્રસંશા કરતા બહુ ઓછા લોકોને આવડતું હોય છે. પ્રસંશા એક માયાવી ચીજ છે... તે ખુદ એક માયા છે. જે રીતે મીઠી મીઠી ચાસણી વિવેકભાનના અભાવે ઝેર બની શકે છે તેમ પ્રસંશા વિવેકભાનના અભાવે ખુશામતખોરી બની શકે છે.

ખુશામતખોરીના ફેન્ટાસ્ટીક ફંદામાં ફસાઈને કરોડો-કરોડો મનુષ્યો કરોડપતિમાંથી રોડપતિ બની ચૂક્યા છે. તો વળી ખુશામતખોરીના જ 'ફુલલેન્થ' સહારે કરોડો-કરોડો મનુષ્યો રોડપતિમાંથી કરોડપતિ બની ચૂક્યા છે. કૈસે કૈસે ઐસેવૈસે હો ગયે, ઐસેવૈસે કૈસે કૈસે હો ગયે !!!' ખુશામતખોરી એક 'માયાવી માયાજાળ' છે. કહેવાય છે કે એક શેઠનાં સો વહાણ ડૂબી ગયેલાં; એક યાંત્રિક ખામીના કારણે, નવ્વાણું ખુશામતખોરીના કારણે...

સ્વાભાવિક રીતે જ ખુશામતખોરીના કોઈ કારખાના નથી હોતાં. પાઉચ કે પેકિંગમાં એ વેચાતી મળતી નથી. ખુશામતખોરીની ક્યાંય દાણચોરી પણ થતી નથી કે નથી થતો ક્યાંય કાળાબજાર. ખુશામતખોરી એક એવી 'વસ્તુ' છે જે કોઈ વસ્તુ નથી. ખુશામતખોરી એક એવો 'પદાર્થ' છે જે કોઈ પદાર્થ નથી. ખુશામતખોરી એક બ્રહ્માંડ વ્યાપી 'વાયરસ' છે. ખુશામતખોરીની માયાજાળમાં ફસાયેલા મૃત્યુલોકનાં માનવીઓ તો મોજપૂર્વક મરવા પણ તૈયાર થઈ જાય છે. પણ ખુશામતખોરી એક બ્રહ્માસ્ત્ર છે. ખુશામતખોરી બ્રહ્મને પણ બરબાદ કરી શકે છે. ખુશામતખોરી અમથાલાલને આબાદ કરી શકે છે. જાણીતા અમેરિકન કાર્ટૂનિસ્ટ હેન્ક કેચમ કહે છે : ખુશામતખોરી ચ્યુઈંગમ જેવી છે. એને એન્જોય કરાય પણ ગળી ન જવાય. ■ naranbaraiya277@gmail.com

# ક્ષમા વીરનું આભૂષણ છે




સંવત્સરી એ પર્યુષણનો છેલ્લો દિવસ છે. તે પર્યુષણ પર્વનો ૮ મો અથવા દસ લક્ષણા પર્વનો ૧૦ મો દિવસ હોય છે. જૈન પંચાંગનો આ સૌથી પવિત્ર દિવસ હોય છે. ઘણાં જૈનો આ દિવસે સંપૂર્ણ ઉપવાસ કરે છે. સંપૂર્ણ દિવસ પ્રાર્થના અને ક્ષમાયાચના અને પશ્ચાતાપમાં વીતાવવામાં આવે છે. એક વાર્ષિક વિસ્તૃત ક્ષમાવિધિ સંવત્સરીક પ્રતિક્રમણ આ દિવસે કરવામાં આવે છે. આ પ્રતિક્રમણ બાદ સર્વ જૈનો મિચ્છામિ દુક્કડમ્ બોલીને જાણતા અજાણતા પોતાના દ્વારા પહોંચાડેલા દુ:ખ, પીડા આદિની વિશ્વના સર્વે જીવો પાસે ક્ષમા માંગે છે. એક વિધિ તરીકે તેઓ તેમના મિત્રો, સગા, સંબંધી આદિને મિચ્છામિ દુક્કડમ્' કહે છે. કોઈ નિજી ઝઘડો કે મતભેદને સંવત્સરીથી વધુ આગળ ખેંચતા નથી.

અતિક્રમણની સામે પ્રતિક્રમણ કરીને જૈન બંધુઓ સંવત્સરીના પાવન પર્વે પ્રમાણિકતાથી ક્ષમા યાચના વ્યક્ત કરે છે.



**સામાજિક અને શૈક્ષણિક**
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

પૂજ્ય મહાવીર સ્વામીના આદર્શો અને આદરને જનસમાજમાં ક્ષમા માંગીને વ્યક્ત કરવાનું પર્યુષણ પર્વ ઉજવવામાં આવે છે. ધર્મનું મુખ્ય કામ માણસમાંથી માનવ બનાવવાનું છે. અહિંસા પરમો ધર્મ થકી મન, વચન, કર્મ થકી કોઈનું હૃદય દુભાય નહીં તે રીતે જનસેવા અને અહિંસાના માર્ગે સેવાકીય કાર્યો કરવાની, તપ, સાધના કરવાની કેળવણી પ્રાપ્ત થાય છે.

આજે ભૌતિક વિલાસ તરફ મનુષ્યએ અંગુલી નિર્દેશ કર્યો છે ત્યારે પ્રપંચ, દ્વેષ, આડંબર, પાપાચાર, ભ્રષ્ટાચાર, વ્હાઈટક્રાઈમ, સમયચોરી, યોગ્ય સમયે ન બોલવું આ બધા દૂષણ દેશની પ્રગતિ અટકાવી શકે છે. દેશનો રાષ્ટ્રીય મુદ્રાલેખ 'સત્યમેવ જયતે' છે. ગાંધીજીના અગિયાર વ્રતનું પાલન કરવું તે જ મોટો ધર્મ છે. ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ નરસિંહ મહેતાનું ભજન "વૈષ્ણવજન તો તેને કહીએ પીડ પરાઈ જાણે રે.." જાણીતું છે. આજના યુગમાં ડગલે અને પગલે દુ:ખ આપનારા અનેક વ્યક્તિઓ દરરોજ જન્મે છે તેનું કારણ આધ્યાત્મિકતાનો અભાવ છે. અનેકતામાં વિવિધતા ધરાવતો આ દેશ તહેવાર, ઉત્સવ, પર્વ અને પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિરાસત ધરાવતો દેશ છે. તપસ્યા કરવાથી મનુષ્યની આંતરિક શક્તિ વ્યાપક બને છે. આજે દુ:ખ આવે તો એટલા બધા લોકો ડરી જાય છે જાણે કે દુનિયામાં તે જ દુ:ખી છે. દુ:ખનો સામનો કરવા માટે મક્કમ મને સામનો કરવો પડે. સહનશીલતા અને સજ્જનતા મનુષ્યમાં નિર્માણ કરવા માટે જૈન ધર્મ પ્રેરણા આપે છે.

જૈન બંધુઓ સવારે વહેલા દેરાસરમાં જઈને "ઓમ અરિહંતાય નમ:" થકી મહાવીર સ્વામીની પૂજા, અર્ચના વિધિ કરે છે. તેના થકી એકાગ્રતા અને આત્મશક્તિ નિર્માણ પામે છે. આધ્યાત્મિકતાની સાથે સાથે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવાય તે ખૂબ જરૂરી છે. ગણેશચતુર્થી પર્વ ઉપર મોટી મોટી પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ લાવીને બાહ્ય આડંબર થકી હૃદયને બંધ કરી નાખનારા ડીજેના તાલે નાચ ગાન કરશે અને દસમા દિવસે વિસર્જન કરીને જે સર્જનહાર છે તેનું વિસર્જન કરનાર બુદ્ધિ વગરના આ લોકોને કોણ સમજાવે? પાણીમાં રહેલા અનેક જીવો કેમિકલ યુક્ત મૂર્તિઓ અને પ્લાસ્ટર ઓફ પેરિસના કારણે નાશ પામશે, પાણીમાં કેટલું પોલ્યુશન થાય છે તે વિચાર ક્યારે ગજાનંદ આપશે? બ્રિજ પરથી વિઘ્નહર્તાની મૂર્તિ ફેંકી દે છે પછી તેમની પ્રગતિ કેમની થાય? ૧૮૯૩માં અંગ્રેજો સામે લોકોને એકત્ર કરવાના ઉદ્દેશથી બાલ ગંગાધર ટિળકએ મહારાષ્ટ્રમાં 'ગણેશ ઉત્સવ'ની શરૂઆત કરી હતી. જન્માષ્ટમીમાં મટકી ફોડવા કરતા દેશમાં કેટલાય ઘરમાં માટલાનું ઠેકાણું નથી ત્યાં આપી હોત તો પાણીથી ભરેલી માટલી થકી તેનું પોષણ થાત. ઉત્સવમાં અતિરેક આવ્યો છે. તેના કારણે વ્યભિચાર, ભ્રષ્ટાચાર અને ધર્મના સારા કાર્યો પર છાંટા ઉડે છે. આજે લોકમાતા નદીઓ મનુષ્યના કારણે પ્રદૂષિત થઈ છે. નહેરો અને નદીઓમાં કથા, પૂજન કરેલી સામગ્રી નદીમાં પધરાવીને લોકમાતાને ગંદી કરવાનું કાર્ય કોઈ પ્રાણી કરતું નથી. માત્ર મનુષ્ય કરે છે. રાજ્ય સરકાર દ્વારા લોકોને આ બાબતે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવવા માટે કડક સૂચના આપવામાં આવે તે જરૂરી છે.

તમારા આત્મામાં જીવ અને શિવ બંને વસે છે. શા માટે આવા બાહ્ય આડંબર કરો છો. અખાએ કહ્યું છે કે "તિલક કરતા ત્રેપન થયા જપમાળાના નાકા ગયા, તુલસી દેખે ત્યાં તોડે પાન, નદી દેખે ત્યાં કરે સ્નાન". આવા મનુષ્ય સમાજનું શું ભલું કરશે?

આધ્યાત્મિકતાનો અતિરેક કરવાની જગ્યાએ આત્મા શુદ્ધિકરણ કરવાની તાતી જરૂરિયાત છે. ભગવદ્ ગીતાના દાર્શનિક સિદ્ધાંતો કર્મ અને સાંખ્યયોગ જીવનમાં ઉતારવાની જરૂર છે. વિસર્જનના દિવસે રોડ, રસ્તા ઉપર ડી.જે. ના તાલે ટ્રાફિક નિર્માણ કરી કઈ સેવા કરી રહ્યા છો. એકલવ્યએ માટીની મૂર્તિ બનાવીને ગુરુ દ્રોણાચાર્યની તપસ્યા કરી હતી. માટી આપણી મા છે. તેની જગ્યાએ કેમિકલયુક્ત ચીજ વસ્તુઓનો ઉપયોગ કરી પ્રદૂષણ નિર્માણ કરીએ છીએ.

પ્રકૃતિનું સંવર્ધન કરવું અને ઉત્સવો વ્યક્ત કરવા એ આજના સમયની તાતી જરૂરિયાત છે. ભૌતિક વિલાસમાં મનુષ્ય માનવતાની અસ્મિતા ભૂલી રહ્યો છે ત્યારે તેના અંતરઆત્મામાં ક્ષમા કરવાનું ભૂષણ સારી રીતે કેળવાય તે આજના સમયની જરૂરિયાત છે. સૌ મારા વાચક મિત્રોને ગણેશચતુર્થી અને સંવત્સરીની શુભકામના... મનુષ્ય બનવાની શ્રેષ્ઠ કલા આધ્યાત્મિકતા કેળવે છે. ■ Mo.9825702282

# શાકભાજી ઘર આંગણે –કિચન ગાર્ડન




ઘરની આજુબાજુમાં ફાજલ જમીન, અગાસી, બાલ્કની કે ચાલીમાં ફળ – ફૂલ કે શાકભાજી ઉગાડવામાં આવે છે તેને કિચન ગાર્ડન કહેવામાં આવે છે. આહારશાસ્ત્રીઓના મતે દુનિયાનાં ઘણા દેશોની સરખામણીમાં આપણે ઘણાં ઓછા શાકભાજી ખાઈએ છીએ. એક અંદાજ પ્રમાણે ભારતમાં માથાદીઠ શાકભાજીનો વપરાશ ફક્ત ૩૦ ગ્રામ છે. જ્યારે અમેરિકામાં ૫૦૦ ગ્રામ અને ઈંગ્લેન્ડમાં ૧૨૦ ગ્રામ છે. તેમાંય અત્યારનાં અછત અને મોંધવારીના સમયમાં શાકભાજીના ભાવ સામાન્ય લોકોને ક્યારેક પરવડતા નથી. તો જે લોકોને ઘરે મોટા ફળીયા હોય તેમણે કુંડામાં શાકભાજી વાવવા જોઈએ. મોટા શહેરો અને નગરોમાં વસતા લોકો અને મોટી મોટી કંપનીઓની ટાઉનશીપમાં વસતા લોકો ઘરની બાલ્કનીમાં વાંસની નાની ટોપલીઓમાં, ટીનના અડધિયામાં, ડબ્બા, પીપ, પ્લાસ્ટીકનાં ટબ, નાના કદનાં ખોખા તેમજ સીમેન્ટનાં અથવા માટીનાં કૂંડાઓમાં ઋતુ પ્રમાણે શાકભાજી ઉગાડી શકે છે. હાલ ચોમાસામાં બીજ વાવવાથી સારા શાકભાજી ઉગાડી શકાય છે. ઘરે ઉગાડેલા શાકભાજીમાં પાણી સારી ગુણવતા વાળુ આપ્યું હોય છે, જેથી તે શાકભાજીમાં અન્ય શાકભાજી કરતા પૌષ્ટિકતાનું પ્રમાણ વધારે હોય છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા, ડૉ. નેહા તિવારી
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
કે.વી.કે – અમરેલી- જે.એ.યુ.જૂનાગઢ

***કિચન ગાર્ડનથી થતા ફાયદા :***

● ઘરની જરૂરિયાત મુજબ ઋતુ પ્રમાણે મનપસંદ તાજા શાકભાજીનું ઉત્પાદન કરી શકાય છે.

● શાકભાજી ઉગાડી શકવાથી ઘર ખર્ચમાં મોટો ઘટાડો કરી શકાય છે.

● નકામાં વહી જતાં પાણીનો યોગ્ય રીતે વપરાશ થાય છે.

● ઘરની આજુબાજુ જગ્યા ચોખ્ખી રાખી શકાય છે.

● કુટુંબનાં સૌ સભ્યોને શાકભાજીનાં વિવિધ પાકોની ઓળખ, તેનો જીવનકાળ, ખેતી પધ્ધતિ તેમજ અન્ય ઉપયોગી માહિતી મળી રહે છે.

● શાકભાજી અને ફળોનાં વાવેતરથી ઘરમાં હવાનું પ્રદૂષણ ઘટે છે અને પર્યાવરણ સુધરે છે.

● કિચન ગાર્ડનથી ઘરની શોભામાં વધારો થાય છે.

● કિચન ગાર્ડનમાં કામ કરવાથી શારીરિક કસરત અને તાજગી મળી રહે છે તેમજ ફાજલ સમયનો સદ્ઉપયોગ કરી શકાય છે.

● ઘર આંગણે શાકભાજી ઉગાડવાની જગ્યાએ દિવસ દરમ્યાન પૂરતો સૂર્યપ્રકાશ રહેતો હોવો જોઈએ.

● પિયતની સગવડ તથા નિતાર નીકની વ્યવસ્થા કરવી જોઈએ.

● કુટુંબના સભ્યોની જરૂરીયાત પ્રમાણે શાકભાજીનો વિસ્તાર રાખવો જોઈએ.

● વિસ્તાર અને હવામાનને અનુકૂળ શાકભાજી વાવેતર માટે પસંદ કરવા જોઈએ.

● ખાતરીવાળું અને પ્રમાણિત બિયારણ જ વાપરવાનો આગ્રહ રાખવો.

● વાવેતર જે તે શાકભાજીના નક્કી સમયે થાય તે જોવું.

● વેલાવાળા શાકભાજીનાં વેલા ઝાડ પર કે, અગાસી પર ચઢાવી શકાય અથવા મંડપ બનાવી ચઢાવી શકાય, જેથી બગીચામાં વધારે જગ્યા રોકે નહિં.

● કંદમૂળ વાળા શાકભાજી જેવા કે, લસણ, ડુંગળી, બટાટા, મૂળા, ગાજર, બીટરૂટ જેવા પાકો ક્યારાની પાળીઓ પર વાવી શકાય. જેથી બીજી જમીનનો બગાડ થાય નહીં.

● ઓછા છાંયામાં મેથી, ધાણા, પાલખ, લસણ કે અળવીનાં પાન પણ ઉગાડી શકાય છે.

● શાકભાજીને એક અથવા બીજી રીતે ઉપયોગી થાય તેવા વર્ષાયુ પાકો જેવા કે કેળ, પપૈયા, સરગવો, મીઠો લીમડો, લીંબુ વગેરેનો કિચન ગાર્ડનમાં સમાવેશ કરવો જોઈએ.

● વર્ષ દરમ્યાન નિયમિત શાકભાજીનું ઉત્પાદન મળતું રહે તે પ્રમાણે શાકભાજીનું આયોજન કરવું જોઈએ.

● કૃષિ તજજ્ઞની સલાહ મુજબ ખેડ, ખાતર, પિયત અને પાક સંરક્ષણનાં પગલાં લેવા જોઈએ.

● કિચન ગાર્ડન હંમેષા નીંદણ મુક્ત રાખવો જોઈએ.

● શાકભાજી પાકોને પશુ પક્ષી અને ભૂંડથી નુકસાન ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

● બગીચામાં નાના ખેતી કાર્યો માટે હલકા હલકા સાધનો જેવા ખૂરપી, (દાંતરડી), પાવડા, કોદાળી, પંજેઠી, તગારા, પાણીનો ઝારો અને જરૂર પડયે જંતુનાશક દવા છાંટવાનો હેન્ડ સ્પ્રેયર વસાવવા જોઈએ.

● શાકભાજી નિયમિત અને સમયસર ઉતારતા રહેવું જોઈએ.

■ hemangidmehta@gmail.com

# જીવી, જીવી જાણી

તારાબેન પટેલ




કોરોના કાળમાં જેમ મોટા ભાગના લોકો ઝપટે ચડી ગયા હતા. એમ સેવાની મૂર્તિ ઓઘડ પણ કોરોનાની ઝપટે ચઢી ગયો હતો. કેટલાં 'ક દિવસ હોસ્પિટલમાં દાખલ રહ્યો. ઓઘડ હવે કોરોનામુક્ત થયો એટલે દવાખાનેથી રજા આપી. એટલે જીવી અને ઓઘડ બન્ને ઘેર આવવા નીકળ્યા.આખા ગામમાં વાવડ ફેલાયા કે, ઓઘડ અને જીવી દવાખાનેથી ઘેર આવે છે. આખું ગામ એમને મળવા ઊમટી પડ્યું. કેટલાક ગામ લોકો વાતું કરે કે ,'આ તો બોવ મોટો રોગ સ. એટલે ઈમાં જે મળવા જાહે ઈને પણ આ રોગ થાહે.' કેટલાકને તો ખૂબ ભોળપણ ઈમને તો કોઈ હાજુ માંદુ હોય કે કાંઈ વસાર કર્યા વિના મળવા ઊપડી જ જાય. દવાખાનની એમ્બ્યુલન્સ ઓઘડ અને જીવીને મુકવા ગામમાં આવી. જીવીના ઘરની આગળ પંદરેક માણસો મળવા ઊભા હતા. એમાંના કેટલાંક પુરુષો તો ઓઘડને નહિ પણ જીવીને જોવા બેઠા હતા.

એટલામાં એમ્બ્યુલન્સનો બિહામણો અવાજ સંભળાયો. એ સાંભળીને જે બેઠેલા હતા તેમાંથી થોડા, જેની માત્ર બહારથી જ છપ્પનની છાતી દેખાતી હતી તેવા તો ઘરમાં વહ્યા ગયા. મનમાં ઈમ કે જો ગાડી ઊભી હોય ને ઊધરસ નીકળી આવી તો મુઆ ગાડીમાં નાંખી દવાખાને લઈ જાહે.ગાડીમાંથી થાકેલી જીવી પહેલાં ઊતરી. એ ભલે થાકેલી દેખાતી હોય પણ જે એને જોવા ઊભા'તા એને મન તો જીવી જાણે કે ખીલેલી કળી ! જીવીની વાંહે ઓઘડ જીવીનો હાથ ઝાલી ઊતર્યો એ જોઈને જ અડધા જે જીવી પર મરતા હતા તેના તો જીવ અધ્ધર થઈ ગયા. બધાએ બેઉના ખબર અંતર પૂછ્યા ને સૌ પોત પોતાને ઘેર રવાના થયા.



"છપ્પન ઈંચ"
કાળુભાઇ ભાડ

જીવી વહેલી ઊઠી ઓઘડની સેવા ચાકરી કરે. ઘરનું કામ પતાવે. આમને આમ થોડા દિવસો વહ્યા ગયા. હવે જે બચત હતી તે પણ પુરી થઈ ગઈ. હવે જીવીને મનમાં ને મનમાં ઘરનું ગુજરાન ચલાવવાની ચિંતા થતી હતી. ડોકટરે ઓઘડને આરામ કરવાનું કહ્યું હતું. ઓઘડ નાહકની ચિંતા કરે ને ફરી પાછો બીમાર પડે એવો વિચાર આવે એટલે જીવી પોતાનો ચહેરો હસતો રાખે.એક દિવસ પડોશમાં રહેતી મુકતાબેન સામે જીવીએ પોતાના દુઃખની વાત કહી. મુકતાબેને કહ્યું :'જીવી તને તો સિવવાનું આવડે સ. તો ઈ કામ કેમ નથ કરતી.' જીવીને થયું વાત તો સો એ સો ટકા હાચી કરી હો. પણ ઈ કામ માટે સિવવાનો હંચો ક્યાં છે? ઓધડ હંચો લાવી આપવાનો હતો. પણ એ જ બીમાર થઈ ગયો. મુક્તાબેનની સલાહથી જીવી બેંકમાં લોન લેવા ગઈ. બેંકવાળાએ જીવીને પૂછ્યું :'કાંઈ ભણ્યા છો કે? સિવણની તાલીમનું કાંઈ પ્રમાણપત્ર છે કે ?' આ સાંભળી જીવી તો મૂંઝાઈ ગઈ અને શરમથી માથું નીચું થઈ ગયું. જીવી પાસે આવું કોઈ પ્રમાણપત્ર ન હતું એટલે બેંકવાળાએ જીવીને લોન આપવાની ના પાડી.બીજે દિવસે છોકરાને શાળામાં મુકવા ગઈ ત્યારે શાળા જોઈને જીવીને પહેલીવાર મનોમન પોતે નિરક્ષર હોવાનો પસ્તાવો થયો. જીવીએ પોતાની મુંઝવણ શાળાના શિક્ષિકા બહેન રૂપલબેનને કહી. લીલાબેને કહ્યું :'જીવીબેન તમે તો નાહકની ચિંતા કરો છો. હમણાં રોજ અમે પ્રૌઢ શિક્ષણના વર્ગ ચલાવીએ છીએ. તો તમે પણ એમાં ભણવા આવજો.' જીવી કહે:'બુન હું તો આખો દન મજૂરીએ જાવ સુ તો કઈ રીતે ભણવા આવું'. રૂપલબેન કહે:'અરે ! જીવી તમારા જેવા મોટી વયના માણસો માટે જ અમે આ પ્રૌઢ શિક્ષણ માટે રાત્રિ શાળા ચલાવીએ છીએ. સાંજે વહેલા કામથી પરવારી જઈને રાત્રિ શાળામાં આવજો. જીવી તો ખુશ થઈ ગઈ. તે જ દિવસથી જીવી તો મજૂરીએથી ઘરે આવી જલદીથી ઘરના બધા કામ પતાવી, ઓઘડની દવા પાણી પતાવી રાત્રિ શાળામાં ભણવા જાય. આમેય જીવી જેવી તનથી રૂપાળી તેવી જ બુદ્ધિ પણ. જીવીને તો ઝટપટ લખતાં વાંચતા આવડી ગયું. રૂપલબેને જીવીને પ્રૌઢ શિક્ષણની પરીક્ષા પાસ કરાવી આપી અને સિવણના સરકારી વર્ગમાં પ્રવેશ અપાવ્યો. જીવીને તો થોડું સિવણનું કામ આવડતું જ હતું. હવે વર્ગમાંથી વધારે શીખી લીધું. હવે જીવીને સિવણનું પ્રમાણપત્ર મળી ગયું. જીવીની ખુશીનો પાર ન રહ્યો. પ્રમાણપત્ર લઈ જીવી તો ગઈ સીધી બેંકમાં. બેન્ક મેનેજરે સિવવાના હંચાની લોન કરી આપી. હવે જીવીએ તો મજૂરીકામ છોડી દીધું. હવે જીવી આત્મવિશ્વાસથી અને આત્મસન્માનથી સિવણ કામ કરીને ઘરનું ગુજરાન ચલાવવા લાગી. ઘરમાં જ કામ કરવાનું હોવાથી એમને સમાજ સેવાનો પણ વધારે સમય મળવા લાગ્યો. સાથે સાથે છોકરાઓને ભણવામાં પણ મદદ કરતી. હવે તો ઓઘડ પણ સાજો થઈને કામે લાગી ગયો હતો. આમ ઓઘડ ખુશ ને જીવી પણ ખુશ.

પણ.., માત્ર પોતાનું જ કામ કરીને બેસી રહે એ જીવી ના હોય. એમણે ગામમાં છોકરીઓને કંઈ કેટલીય જાતની તાલીમ આપી -અપાવીને પગભર કરી. જાતે જ જિંદગી જીવતા શિખવાડ્યું.

હવે બધાને સમજાઈ ગયું કે જો છપ્પનની છાતી હોય તો સ્ત્રી પણ કંઈ પણ કરી શકે છે.

મૂળ વાર્તા:- તારા પટેલ (નવસારી)

રી રાઈટ :- કાળુભાઈ ભાડ, અમરેલી.

■ sanjogpurti@gmail.com

# ચાલો...વિઘ્નહર્તા ગણપતિના દર્શને (૨)

મહારાષ્ટ્ર રાજ્યમાં ૮ અલગ-અલગ સ્થળ પર ગણપતિ દાદાના પાવન મંદિરો આવેલાં છે. આ ૮ ગણપતિ મંદિર એટલે, અષ્ટવિનાયક મંદિરો સ્વયંભૂ છે. મયૂરેશ્વર મંદિર ( મોરગાંવ), ચિંતામણિ વિનાયક મંદિર ( થેઉર ), મહાગણપતિ મંદિર ( રાજણગાંવ ), સિદ્ધિવિનાયક મંદિર ( સિદ્ધટેક ), વિઘ્નેશ્વર મંદિર ( ઓઝર ), ગિરિજાત્મજ મંદિર ( લેણ્યાદ્રી ), બલ્લાળેશ્વર મંદિર ( પાલી ), વરદ વિનાયક મંદિર ( મહાડ)....ગણપતિ દાદાના મંદિરની યાત્રાને અષ્ટવિનાયક યાત્રા કહે છે.

**(૫) બલ્લાળેશ્વર ગણેશ મંદિર ( પાલી ) :**



મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના સુધાગઢ તાલુકાના પાલી ગામમાં બલ્લાળેશ્વર ગણેશ મંદિર આવેલું છે. પ્રાચીન કથા મુજબ પાલી ગામના એક વેપારીનો પુત્ર બલ્લાળ ગણેશ ભકત હોઈ, તેની અથાગ શ્રદ્ધા અને તપથી ગણપતિ દાદા પ્રસન્ન થયા હતા, તેથી ભગવાન ગણેશ બલ્લાળ વિનાયકના નામે અહીં બિરાજમાન છે.

મૂળ લાકડાનું બનેલું આ મંદિર ૧૭૬૦માં નાના ફડનવીસની મદદથી પથ્થરના મંદિરમાં પુનઃનિર્માણ થયું હતું. મૂર્તિને સિંહાસન પર બિરાજિત દશામાં પીપળાના વૃક્ષની જેમ કોતરી છે. ૮ સ્તંભ એ ૮ દિશા દર્શાવે છે. આંતરિક ગર્ભગૃહ ૧૫ ફૂટ ઊંચું અને બહારનું ગર્ભગૃહ ૧૨ ફૂટ ઊંચું છે. બલ્લાળેશ્વર મંદિરની મુખ્ય ખાસિયત એ છે કે, અહીં સૂર્યોદય સમયે સૂર્યના પ્રથમ કિરણો સભામંડપમાં બલ્લાળ વિનાયકની સ્વયંભૂ મૂર્તિ પર પથરાય છે, જો કે તેવી રીતે જ આ મંદિરનું નિર્માણ કરવામાં આવેલું છે.

**(૬) મહાગણપતિ મંદિર ( રાજણગાંવ ) :**



મહારાષ્ટ્રના પૂનાથી આશરે ૩૧ કિમીના અંતરે શિરૂર તાલુકાના રાજણગાંવમાં આવેલું ભવ્ય અને આકર્ષક મહાગણપતિ મંદિર ૯મીથી ૧૦મી સદીના મધ્યમાં નિર્માણ પામ્યું હોવાનું મનાય છે. અહીંના મહા ગણપતિ દાદા ( મહોત્કટ )ના નામે પણ ઓળખાય છે. મંદિરની પાસે જ તળાવ આવેલું છે. મહાગણપતિ મંદિર પૂર્વાભિમુખ છે, અને તેની ઉત્તર-દક્ષિણ દિશામાંથી સૂર્યના કિરણો ભગવાન ગણપતિની મૂર્તિ પર પથરાય તે રીતે સ્થાપિત કરાઈ છે. પૂર્વાભિમુખ ડાબી સૂંઢવાળા મહાગણપતિ દાદા પહોળા કપાળ સાથે પલાંઠી વાળેલી મુદ્રામાં બેઠેલા છે.



પ્રવાસનામા
જયસ્વી પટેલ

આ મંદિર પૂના-અહેમદનગર હાઈવે પર આવેલું છે. સડક માર્ગે પૂનાથી કોરેગાંવ વાયા શીકરપુર થઈ રાજણગાંવ જવાય છે.

**(૭) સિદ્ધિવિનાયક મંદિર ( સિદ્ધટેક ) :**

મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના કર્જત તાલુકાના સિધ્ધટેક ખાતે ભીમા નદીના સામા કિનારે આવેલું સિદ્ધિવિનાયક મંદિર એ પેશ્વાકાલિન મંદિર છે. ભાવિક ભક્તો હોડી દ્વારા નદી પાર કરીને કે પુલ પરથી આ મંદિરે પહોંચી શકે છે. કુદરતી અને હરિયાળા સૌંદર્યથી ભરપૂર એવાં આ સ્થળે ગણપતિ દાદાની ૩ ફૂટ ઊંચી અને ૨.૫ ફૂટ પહોળી જમણી સૂંઢવાળી સ્વયંભૂ મૂર્તિ બિરાજિત છે.



દાદાની મૂર્તિ ઉત્તર દિશા તરફ છે. ગણપતિ દાદા અહીં પલાંઠી વાળીને બિરાજમાન થયેલા છે, તો રિદ્ધિ-સિદ્ધિ તેમની જાંઘ પર બેઠેલાં છે. અહીં સૂર્ય, ચંદ્ર અને ગરૂડની આકૃતિઓની મધ્યમાં નાગરાજ પણ બિરાજમાન છે.

પેશ્વાકાલિન આ મંદિર એક વિશાળ ઓટલા પર સ્થિત છે. ગણપતિ દાદાની મૂર્તિ પહાડના એક ખૂણામાં સ્થાપિત હોવાથી શ્રદ્ધાળુઓ આ પહાડની પ્રદક્ષિણા અવશ્ય કરે છે. મંદિર તરફનો મુખ્ય માર્ગ પેશ્વાના સેનાપતિ હરિપંત ફડકેના સહયોગથી નિર્માણ કરાયો હોવાનું મનાય છે. ૧૫ ફૂટ ઊંચું અને ૧૦ ફૂટ પહોળું આંતરિક ગર્ભગૃહ પુણ્યશ્લોક અહલ્યાબાઈ હોલકરના માર્ગ તરફ નિર્માણ કરાયેલું છે, જેમાં ૩ ફૂટ ઊંચી અને ૨.૫ ફૂટ પહોળી મૂર્તિની સ્થાપના કરેલી છે.

સિદ્ધિવિનાયક દાદાના મંદિરે જવા માટે અહેમદનગરથી બસની સુવિધા મળે છે. રેલવે માર્ગે અહેમદનગરથી દૌન્ડ અને બોયબેલ સુધી પહોંચી, ત્યાંથી સડકમાર્ગે સિદ્ધટેક પહોંચી શકાય છે.

**(૮) વરદ વિનાયક મંદિર ( મહાડ ) :**



મહારાષ્ટ્રના ખાલાપુર તાલુકામાં મહાડ ગામે આવેલા વરદ વિનાયક મંદિરમાં ગણપતિ દાદા વરદ વિનાયકના નામથી બિરાજમાન છે. વરદ વિનાયક મંદિર પૂર્વાભિમુખ છે તથા ગણપતિ દાદાની સૂંઢ ડાબી તરફ છે. આ સ્થળ મહાડમઢના નામે પણ ઓળખાય છે. મંદિરને દૂરથી જોતાં તેનો દેખાવ કોઈ મકાન જેવો જ લાગે છે. વરદ વિનાયકની મૂર્તિ ગર્ભગૃહની બહાર પ્રસ્થાપિત કરાયેલી છે.

એક પૌરાણિક કથા મુજબ આ સ્થળનું પ્રાચીન નામ તીપ્રક હતું અને અહીં સંતો-મહંતો તથા ઋષિ-મુનિઓ તપમાં લીન રહેતા હતા, ઋષિ ગૃત્સમદના તપથી પ્રસન્ન થઈ ગણપતિ દાદાએ તેમને દર્શન આપ્યા અને ઋષિ ગૃત્સમદે અહીં મંદિરનું નિર્માણ કરાવ્યું.

- કેવી રીતે જશો ? : નજીકનું રેલ્વેસ્ટેશન કોંકણ છે. સડક માર્ગે કરજત, ખોપોલી અને થાણેથી બસ સુવિધા મળી રહે છે. સડક માર્ગે પૂનાથી લોનાવાલા, ખોપોલી થઈ મહાડ પહોંચી શકાશે. પૂનાથી મહાડનું અંતર આશરે ૮૪ કિ.મી. જેટલું છે.

■ sanjogpurti@gmail.com

# મહેનતુ કરોળિયો



"અરેરે! લાગે છે આજે પણ ભયાનક વાવાઝોડું આવવાનું છે. આકાશમાં કાળાંકાળાં વાદળા દોડાદોડ કરી રહ્યાં છે ને ચમચમ વીજળીય ઝબૂકે છે. શું આ ભારે પવન ને ધોધમાર વરસાદમાં ફરી મારું જાળું તૂટી જશે! શું ફરી મારી બધી મહેનત એળે જશે!" - પવનના સૂસવાટા, વીજળીના ચમકારા ને વાદળાનો ગડગડાટ સાંભળી કરોળિયાના મનમાં પણ વિચારોનું વાવાઝોડું ઊમટયું.

એક વખત એક કરોળિયો પોતાનું જાળું ગૂંથી રહ્યો હતો. તે ખૂબ મહેનત અને ધીરજથી એનું જાળું ગૂંથવાની મથામણ કરતો હતો. જાળું બાંધવું ને શિકાર પકડવો એ તેનું દરરોજનું કામ હતું. તે આ કામ ઘણી જ કુશળતાથી કરતો હતો.

જાળું તૈયાર થાય એટલે તે મનોમન ખુબ ખુશ થતો. પણ પવન કે વરસાદને કારણે એનું જાળું તૂટી જતું. તો ક્યારેક જાળામાં ફસાયેલા કોઈ જીવજંતુની છટકવાની હલનચલનથી તેનું જાળું તૂટી જતું. તે મહામહેનતે જાળું ગૂંથે ને થોડાક જ સમયમાં કોઈને કોઈ કારણોસર જાળું તૂટે. પણ આ તે કરોળિયો! હાર માને તો ને! તે જરાય નિરાશ ન થતો. જાળું તૂટે એટલે હિંમત સાથે ફરીથી કામ શરૂ કરી દેતો.

એક વખત કરોળિયાએ કોઈ જુદી જગ્યાએ જાળું બનાવવાનું વિચાર્યું. એણે એવી જગ્યા પસંદ કરી કે જ્યાં એનું જાળું લાંબો સમય ટકી રહે ને તૂટે નહિ. વળી પાછો તે જાળું બનાવવા લાગ્યો. આ વખતે તેણે વધુ સારું ને મજબૂત જાળું બનાવવાનું વિચાર્યું. પોતાના મજબૂત તાંતણા વડે તે વળી પાછો જાળું ગૂંથવા લાગ્યો. પરંતુ ભારે પવનમાં એણે બનાવેલું જાળું ફરીથી તૂટી ગયું. ઘડીભર કરોળિયો શાંત થઈ ગયો. પણ આ તે કરોળિયો! હાર માને તો ને! તે જરાય નિરાશ થયા વિના જાળું તૂટે એટલે હિંમત સાથે ફરીથી કામ શરૂ કરી દેતો.



રે વાર્તા!
મનીષ સુથાર

કરોળિયાને આમ વારંવાર મહેનત કરતો જોઈ પેલા જીવજંતુ હસવા લાગ્યાં. એક જીવડું બોલ્યું, "આ કરોળિયો ગાંડો છે! વારંવાર જાળું તૂટે છે ને વારંવાર એ જાળું બનાવે છે! આ કરોળિયો આવી નકામી મહેનત શું કામ કરતો હશે!

તો વળી બીજું એક જીવડું બોલ્યું, "એનું જાળું ક્યારેય બનવાનું જ નથી ને ટકવાનુંય નથી. એ ભલે જાળું બનાવ્યા કરે; એ ભલે મહેનત કર્યા કરે પણ એનું જાળું બનવાનું જ નથી!" એમ બોલી જીવડું કરોળિયાની મહેનત પર હસવા લાગ્યું. પણ આ તે કરોળિયો! એ કોઈનીય વાત કાને ન ધરે. એ ભલો ને એનું કામ ભલું! જાળું બનેય ખરું ને જાળું તૂટેય ખરું! વારંવાર જાળું બનાવે ને વારંવાર જાળું તૂટે. એ મહેનત કર્યા જ કરે, કર્યા જ કરે. હાર માને જ નહીં ને જંપીને બેસેય નહીં.

પરંતુ હવે તેને લાગ્યું કે કદાચ જાળું બાંધવું ખૂબ મુશ્કેલ છે. પણ આ તે કરોળિયો! હાર માને તો ને! તે જરાય નિરાશ થયો નહી. વળી એ પોતાના કામમાં લાગી ગયો. જાળું તૈયાર થવામાં જ હતું. ત્યાં વળી જોરદાર પવન ફૂંકાયો ને ધોધમાર વરસાદ તૂટી પડ્યો. ભારે પવનમાં એનું જાળું હાલકડોલક થતું હતું. જાળાની વચ્ચે કરોળિયો પણ ઝૂલતો હતો. આ વખતે એનું જાળું પવન અને વરસાદને ટક્કર આપી રહ્યું હતું. એનું જાળું એટલું મજબૂત બન્યું કે પવન અને વરસાદ સામે તે ટકી રહ્યું. આખરે તેની ધીરજ અને મહેનતે રંગ રાખ્યો. કરોળિયોના આનંદનો પાર ન હતો. તે આનંદથી ઝૂલવા લાગ્યો. આજે એનું જાળું ટકી ગયું. પછી તો એના જાળામાં ઘણાં જીવજંતુઓ ફસાયાં. એની એણે પેટ ભરીને મિજબાની માણી. આખરે કરોળિયાની મહેનત ફળી.

■ Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# બગસરાની મામલતદાર ઓફિસમાં કર્મચારીઓની ગેરહાજરીમાં થતો વીજળીનો બેફામ દુરૂપયોગ

બગસરા, તા.૧૦

બગસરાની મામલદાર ઓફિસમાં બપોરે રિસેસના સમયે પણ અધિકારીઓ-કર્મચારીઓની ગેરહાજરીમાં લાઈટ-પંખા અને એસી વગેરે ચાલુ રાખવામાં આવતા લોકોમાં નારાજગી વ્યાપી છે. લોકોની ફરિયાદ છે કે, બપોરના બે વાગે રિસેસ પાડવામાં આવે છે અને ફરી એક કલાક બાદ અધિકારીઓ ઓફિસે પરત આવતા હોય છે તે દરમિયાન એક કલાક સુધી લાઈટો-પંખા તેમજ એસી પણ ચાલુ રાખીને વીજળીનો દુરુપયોગ થાય છે. એક તરફ સરકાર દ્વારા સોલાર પેનલો લગાવો અને વીજળી બચાવો અને લોકોને


તસવીર :હાર્દિક બામટા

પ્રદૂષણ મુક્ત રાખવાની મોટી વાતો કરવામાં આવે છે ત્યારે અહીંના અધિકારીઓ તો જાણે પોતાની મનમાની કરી સરકારના આવા વીજળી બચાવવાના હેતુનું ઉલ્લંઘન કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. સરકારી ઓફિસોમાં આવી રીતે બેફામ વીજળીનો ઉપયોગ કરવાથી પ્રજાની મહેનતના રૂપિયાનું આંધણ થઈ રહ્યું છે તેવા આક્ષેપ કરવામાં આવી રહ્યા છે.

# અમરેલીના સાંગાડેરી એપ્રોચ રોડ માટે રૂા. ૭૫ લાખ મંજૂર, ગ્રામજનોમાં આનંદ

**ધારાસભ્ય કૌશિક વેકરીયાની રજૂઆત રંગ લાવી**



અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં પડેલા ભારે વરસાદનાં કારણે મોટાભાગનાં માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. બિસ્માર માર્ગોની કાયાપલટ કરવા માટે અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ કમર કસી છે. જેમાં અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ પોતાના મતવિસ્તારનાં રસ્તાઓનાં કામો તાત્કાલિક ધોરણે મંજૂર થાય અને વરસાદથી નુકસાન પામેલા રોડના રિકાર્પેટ કરવાના કામ જલ્દી હાથ ધરાય એ માટે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે સરકારનાં માર્ગ અને મકાન વિભાગના પંચાયત હસ્તકના સાંગાડેરી એપ્રોચ રોડ ૨.૫૦ કિલોમીટર રસ્તાના રિસરફેસનાં કામ માટે રૂપિયા ૭૫ લાખની રકમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ રકમમાંથી અમરેલી જિલ્લાના ગામોને જોડતા રસ્તાનું રિકાર્પેટ કામ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. રસ્તાના નવીનીકરણનું આ કામ મંજૂર થતા, આ વિસ્તારની પ્રજાને પડતી મુશ્કેલીમાંથી મુકિત મળશે. તેમ કૌશિકભાઈ વેકરીયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# અમરેલીના પ્રમુખસ્વામી નગર અને માધવનગર સોસાયટીમાં ગણેશ ઉત્સવ


તસવીર :વિશાલ સોની

અમરેલી,તા.૧૦

અમરેલીમાં આવેલ લાઠી રોડ ખાતે પ્રમુખસ્વામી નગર તેમજ માધવનગર સોસાયટીમાં શ્રી રામ યુવક મંડળ દ્વારા આયોજીત ગણેશ ઉત્સવનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે ત્યારે રોજ સાંજે મહાઆરતી અને રાત્રે ધૂન-ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ ઉત્સવમાં મહાઆરતીમાં મોટી સંખ્યામાં ભાવિકો હાજર રહ્યાં હતા.

# ધોરાજીના વિસ્તારોમાં રસ્તાના ખાડા પુરવાની કામગીરી સામે ૧૦૦થી વધારે પોસ્ટરો લાગ્યા

ધોરાજી, તા.૧૦

ધોરાજી શહેરમાં રસ્તામાં ખાડા પૂરવા મામલે ફરી એક વખત રાજકારણ ગરમાયું છે. ધોરાજી શહેર કોંગ્રેસ સમિતિ અને સામાજિક આગેવાનો દ્વારા શહેરમાં રસ્તાના ખાડા પુરવાની કામગીરી સામે વેધક સવાલો ઉઠાવતા ૧૦૦થી વધારે પોસ્ટરો શહેરના જુદા જુદા વિસ્તારોમાં, જુદી જુદી સોસાયટીઓ અને રસ્તા પર લગાવવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો છે. આ ખાડા પુરવા માટે તાજેતરમાં વહીવટી તંત્ર દ્વારા રૂ. ૮ લાખના ખર્ચે મોરમ પાથરવામાં આવી હોવાની માહિતી




વિવિધ માધ્યમો દ્વારા જાહેર કરવામાં આવી હતી. જેની સામે ધોરાજી શહેરના કોંગ્રેસ અને સામાજિક આગેવાનોએ ખાડા પુરવાની કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભો કર્યો હતો. શહેરમાં અલગ અલગ વોર્ડમાં શેરી, રસ્તાઓ અને મુખ્ય માર્ગો પર ૧૦૦ જેટલા બેનરો આગેવાનોના ફોટોગ્રાફ સાથે લગાવવામાં આવ્યા હતા જેમાં લખવામાં આવ્યું હતું કે મોરમ પાથરવાની અદ્રશ્ય કામગીરી આઠ લાખના ખર્ચે મોરમ પાથરવામાં આવી હોય તો કોના ઘર પાસે ખાડા પુરાયા ? ઉપરાંત રોડના ખાડા પૂરાયા કે કોન્ટ્રાક્ટરના પેટના ખાડા પૂરવામાં આવ્યા? આ પ્રકારના સવાલો ઉઠાવતા બેનરો લગાવવામાં આવ્યા હતા.

# ગાધકડા ગામે શ્રીરામ ગ્રુપ દ્વારા ગણપતિ બાપાનું સ્થાપન



સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના ગાધકડા ગામે શ્રી રામ ગ્રુપ દ્વારા ગણપતિ બાપાનું સ્થાપન કરવામાં આવ્યું છે. શ્રીરામ ગ્રુપ દ્વારા ગણપતિ બાપાની મૂર્તિની વાજતે ગાજતે ગાધકડા ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

ગણપતિ બાપા મોરયાના નાદ સાથે ગાધકડા ગામના માર્ગો ગુંજી ઉઠ્યા હતા.

# રાજુલા વિ.હિ.પ. દ્વારા ગણપતિ ઉત્સવનું ભવ્ય આયોજન કરાયું, ભાવિકોની ભારે ભીડ

**આગામી તા.૧૫ નાં રોજ લુહાર-સુથાર વાડી ખાતે હિન્દુ મહાસંમેલનનું આયોજન**



રાજુલા, તા.૧૦

રાજુલા ખાતે વિ.હિ.પ. દ્વારા ગણપતિ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાતાં જેનો લાભ રાજુલા શહેરનાં લોકોએ લીધો હતો. જેમાં દરરોજ સાંજના આરતી સાથે હનુમાન ચાલીસાનું આયોજન કરવામાં આવેલ તેમજ સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં રાજુલા શહેરનાં વિવિધ અગ્રણીઓ, ચેમ્બર ઓફ કોમર્સનાં આગેવાનો, બ્રહ્મસમાજનાં આગેવાનો, વિ.હિ.પ.નાં હોદ્દેદારો સાથે નિવૃત ડીવાયએસપી હરેશ વોરા જોડાયા હતા.

આગામી તા. ૧૫ નાં રોજ રાજુલા લુહાર સુથાર વાડી ખાતે બપોરનાં ૪:૩૦ કલાકે વિરાટ હિન્દુ મહાસંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. તેવું વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# જેતપુરની હિન્દુ સમાજની દીકરીને વિધર્મી ઉપાડી જતાં મામલતદારને આવેદનપત્ર આપ્યું

જેતપુર, તા.૧૦

ધોરાજી સમસ્ત સિંધી સમાજ દ્વારા રાજયના મુખ્યમંત્રીને સંબોધીને ધોરાજી મામલતદારને જેતપુરની હિન્દુ સમાજની દીકરીને વિધર્મી ઉપાડી જવાની બાબતે સખ્ત કાર્યવાહી કરવાની માંગણી સાથે આવેદનપત્ર મોટી સંખ્યામાં લોકોએ આપ્યું હતું. ધોરાજી સમસ્ત સિંધી સમાજના પ્રમુખ દિલીપભાઈ હોતવાણી, ઉપપ્રમુખ ચુનીલાલ સંભવાણી, જયંતીભાઈ પારવાણી વગેરે હિન્દુ સિંધી સમાજના લોકો દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સંબોધીને ધોરાજીના મામલતદારને આવેદનપત્ર પાઠવતા જણાવેલ કે અમારા હિન્દુ સિંધી સમાજની દીકરી જેતપુર ખાતે રહે છે અને એ દીકરીને જેતપુરના જ વિધર્મી મુસ્લિમ રીક્ષાચાલક લવ જેહાદના બહાને લચાવી ફોસલાવી ભગાડી ગયો છે. અમોને શંકા છે કે આ મુસ્લિમ યુવક અમારી દીકરીના ફોટા અને વીડિયો મારફત બ્લેકમેલ કરતો હોય તેવું લાગે છે. જેના આજે ૨૯ દિવસ થવા આવ્યા છે જે બાબતની જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે પરંતુ જેતપુર સીટી પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરેલ નથી તે ઘણા દુઃખની બાબત છે.


તસવીર :નયન ફુહાડીયા

# હરિદ્વારમાં શ્રીનાથજીની ઝાંખી, બાળલીલા-ગોવર્ધન પૂજાની ઉજવણી

જસદણ, તા.૧૦

જસદણના પોપટ પરિવારનાં પિતૃઓના મોક્ષાર્થે હરિદ્વારમાં આવેલ વાસુદેવ આશ્રમ ખાતે ગંગાજીના કિનારે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. જે સમગ્ર ભક્તિદર્શન વિજયભાઈ પોપટ અને પંકજભાઈ પોપટ પરિવાર દ્વારા પિતૃઓની સ્મૃતિઓમાં યોજાય રહ્યું છે. આ શ્રીમદ ભાગવત સપ્તાહના વ્યાસપીઠ પર સૌરાષ્ટ્રના પ્રસિધ્ધ કથાકાર શાસ્ત્રી જનકભાઈ મહેતા બિરાજી પોતાની આગવી આધ્યાત્મિક વાણીમાં ભાગવત કથાનું રસપાન ભકતગણોને કરાવે છે. આ તકે જસદણ શ્રી હરિ નમકીનનાં માલિક વિપુલભાઈ સુળિયા અને જસદણ આલ્ફા નવોદય બાલાચડીના ચેરમેન જયસુખભાઈ સંખાળવા તેમજ દરિયાલાલ મંદિર ઝાળ ભાડુના પ્રમુખ નવીનભાઈ દેવચંદભાઈ પુજારા સહિતનાં વિવિધ ક્ષેત્રના આગેવાનો તથા હરિભક્તો હાજર રહ્યા હતા.



# ભારે ઉકળાટ બાદ અમરેલી જિલ્લામાં ફરી વરસાદનું આગમન

અમરેલી, તા.૧૦

રાજયમાં હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે ત્યારે અમરેલી જિલ્લામાં આખો દિવસ ભારે ઉકળાટ બાદ મેઘરાજાએ ફરી પધરામણી કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડીયાથી મેઘરાજાએ વિરામ લેતા લોકો ભારે ગરમીનો સામનો કરી રહ્યા હતા. જો કે આજરોજ અમરેલી જિલ્લાનાં ધારી અને રાજુલામાં જોરદાર વરસાદનાં વાવડ મળ્યા હતા. ધારીનાં ગ્રામ્ય વિસ્તાર સરસીયા, જીરામાં બપોરનાં સમયે ધોધમાર વરસાદ વરસતાં ખેતરો પાણી પાણી થઈ ગયા હતા. તો રાજુલામાં પણ એક ઈંચ જેટલો વરસાદ ખાબકયો હતો. વરસાદનાં કારણે મોલાતને ફાયદો થયો હતો. વરસાદનું આગમન થતાં ધરતીપુત્રોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

# ડોળાસાની વધુ એક દીકરી બસ કંડક્ટરની દાદાગીરીનો ભોગ બની

ડોળાસા તા.૧૦

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે બાયપાસ ચાલુ થયો છે ત્યારથી એસ.ટી.ની કેટલીક બસના ડ્રાઈવર-કંડકટરની દાદાગીરીની ત્રીજી ઘટના બની છે. ડોળાસા ગામના રિદ્ધિબેન નરેશભાઈ ગૌસ્વામી ઉના ખાતેની એ.આર.ભટ્ટ કોલેજમાં અભ્યાસ કરે છે. કોલેજ પૂરી થઈ એટલે બપોરે એક વાગ્યે ડોળાસા જવા રોડ ઉપર ઉભા હતા. બપોરના ૧.૨૫ મિનિટે રાજકોટ ડેપોની ઉના રાજકોટ રૂટની બસ આવી હતી જેમાં રિદ્ધિબેન ડોળાસા આવવા બેઠા હતા. કંડક્ટરે આ વિદ્યાર્થિનીને એકતાલીસ રૂપિયાની ટિકિટ આપી હતી પણ ડોળાસા આવ્યું એટલે બાયપાસ ઉપર બસ ઉભી રાખી રિદ્ધિબેનને ઉતરી જવા દબાણ કર્યું. પણ આ હિંમતવાન દીકરીએ બાયપાસ ઉપર ઉતારવાની ના પડી દીધી એટલું જ નહીં તેણીના પિતા નરેશભાઈને ફોન કરી આ કંડકટરની દાદાગીરીની વાત જણાવી હતી. બાદમાં ફોન કંડકટરને આપતા નરેશભાઈએ વાત કરતા કંડકટરે જણાવ્યું હતું કે તમારી દીકરીને બાયપાસથી લઈ જાવ ત્યારે નરેશભાઈએ કંડકટરને જણાવ્યું હતું કે થોડી વાર ત્યાં બસ ઉભી રાખો હું રાજકોટ વિભાગીય નિયામક અને ડેપો મેનેજર સાથે વાત કરાવુ છું. બાદ આ ભાઈ ઢીલા પડ્યા હતા અને બસ પાછી ફેરવી ગામમાં લાવ્યા હતા.

# ઉનાના કાજરડી ગામમાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ યોજાયો

ઉના, તા.૧૦

ઉના તાલુકાના કાજરડી ગામની પ્રાથમિક શાળા-૨માં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોને તમાકુના હાનિકારક પ્રભાવો વિશે જાગૃત કરવાનો અને તેમને વ્યસનથી દૂર રાખવાનો હતો. તાલુકા હેલ્થ કચેરી, ઉનાના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં અનેક આરોગ્ય વિભાગના અધિકારીઓએ હાજરી આપી હતી. તેમાં ડૉ. બામણીયા, ડૉ. હેતલ, એફએસડબલ્યુ દક્ષાબેન, સીએચઓ ચાવડા અને એમપીડબલ્યુ વિશાલભાઈ સામેલ હતા. કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓ માટે તમાકુ નિયંત્રણ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. બામણીયાએ તમાકુના દુષ્પરિણામો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતે, વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.


તસવીર : અનીલ કાનાબાર


**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૧૦૧/૨૦૨૪

**અરજદારશ્રી:** શ્રી કંચનબેન ગોવિંદભાઈ સાવલીયા
રે. અમૃતવેલ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી અમૃતવેલ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીના પુત્રી વનિતાબેન ગોવિંદભાઈ સાવલીયાનો જન્મ તા.૧૬/૦૨/૧૯૭૫ ના રોજ મુ.અમૃતવેલ,તા.સાવરકુંડલા,જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૧૦૩/૨૦૨૪

**અરજદારશ્રી:** શ્રી સાવલીયા પરશોતમભાઈ હરિભાઈ
રે.ધજડી, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ધજડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીની ભત્રીજી સાવલીયા ભાનુબેન નનુભાઈનો જન્મ તા.૨૩/૦૬/૧૯૬૭ ના રોજ મુ.ધજડી, તા.સાવરકુંડલા,જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# રોડ-રસ્તાના કામો માટે ધારાસભ્ય દીઠ રૂ. ૨ કરોડની વધારાની ગ્રાન્ટ મંજૂર કરતી રાજય સરકાર

ગાંધીનગર,તા.૧૦



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને તેમના મતવિસ્તારના રોડ-રસ્તાના વિવિધ કામો માટે પ્રત્યેક ધારાસભ્યને બે કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને મહાનગરપાલિકાના પોતાના મતવિસ્તારમાં આવેલા કોંક્રિટ, ડામરના નવા રોડ, જૂના રસ્તાઓના રિસરફેસિંગ, જે વિસ્તારમાં ડામર રોડ કે કોંક્રિટ રોડ બનાવી શકાય તેમ ન હોય તેવા રસ્તાઓ પર પેવર બ્લોકની કામગીરી કરવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે.

મુખ્યમંત્રીએ શહેરી વિકાસ વિભાગની આ ગ્રાન્ટ ઉપરાંત આવા કામો માટે માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટમાંથી ધારાસભ્ય દીઠ વધારાની બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી છે. રાજ્યમાં મહાનગરપાલિકા વિસ્તારોના ૪૩ ધારાસભ્યોને આ હેતુસર કુલ ૮૬ કરોડ રૂપિયા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ફાળવાશે.

## ૧૦ સપ્ટેમ્બર આપઘાત નિવારણ દિવસ, આપઘાતના ચોંકાવનારા આંકડા બહાર આવ્યા

# ગુજરાતમાં દર કલાકે ૧ વ્યક્તિ કરી રહ્યો છે આપઘાત

**હેલ્પલાઈનમાં કોલ કરવામાં પુરૂષો સૌથી મોખરે**

અમદાવાદ,તા.૧૦

દર વર્ષે ૧૦ સપ્ટેમ્બર વિશ્વ આપઘાત નિવારણ દિવસ તરીકે મનાવવામાં આવે છે. લોકો સામાન્ય બાબતોમાં જીવનથી હારી જતાં હોય છે અને મોતને વહાલું કરી લેતા હોય છે. આપઘાતના બનાવોની વાત કરવામાં આવે તો ગુજરાતમાં રોજ ૨૪ લોકો જીવન ટૂંકાવે છે. સૌરાષ્ટ્રમાં છેલ્લા ૪ મહિનામાં ૧૭૦થી વધુ લોકોએ આત્મહત્યા કરી છે. મોટા ભાગે ગૃહકંકાસ, આર્થિક સંકટ, બેરોજગારી, પ્રેમ પ્રકરણ જેવાં કારણો આપઘાત માટે જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ૧૦૪ મેડિકલ હેલ્પલાઇને ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં કાઉન્સિલિંગની મદદથી ૫૪૯૩ લોકોના જીવ બચાવ્યા છે. સપ્ટેમ્બર ૨૦૧૯થી ઓગસ્ટ ૨૦૨૪ સુધીના સમયગાળામાં ૧૦૪ હેલ્પલાઇન



ઉપર સૌથી વધુ માનસિક બીમાર ૨,૯૭૭ વ્યક્તિએ કોલ કરીને કાઉન્સિલિંગ લીધું છે. સૌથી વધારે અમદાવાદ જિલ્લામાંથી ૨,૧૨૫ કોલ નોંધાયા છે. સૌથી વધારે ૩૬થી ૪૫ વય જૂથના ૨,૦૬૪ લોકોએ હેલ્પલાઈનની મદદ લીધી છે. ત્યારબાદ ૨૫થી ૩૫ વય જૂથના ૧૭૯૯ અને ૧૬થી ૨૪ વય જૂથના ૫૮૮ લોકોએ કોલ કર્યા, જેમને આપઘાત ન કરવા કાઉન્સિલિંગ કરવામાં આવ્યું. હેલ્પલાઈનને કોલ કરવામાં ૬૯ ટકા પુરુષો અને ૩૧ ટકા મહિલાઓનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, શિક્ષણના કારણે આપઘાત કરવાનો વિચાર આવનાર ૫૫ લોકોને કાઉન્સિલિંગ આપવામાં આવ્યું હતું. ભારતમાં છેલ્લાં ૬ વર્ષમાં ૯,૯૨,૫૩૫ લોકોએ આત્મહત્યા કરી હતી. સરેરાશ દરરોજ ૪૦૦થી વધુ લોકો આત્મહત્યા કરી રહ્યા છે. આર્થિક સંકટ, બેરોજગારી, ગંભીર સમસ્યાઓ, ઘરની મુશ્કેલી, પ્રેમ પ્રકરણ જેવાં કારણો આત્મહત્યા માટે જવાબદાર છે. તો ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૨૫,૪૭૮ વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. એટલે કે, ગુજરાતમાં દરરોજ ૨૪ લોકો કોઈ ને કોઈ કારણસર આત્મહત્યા કરે છે.

# ફિટકાર : જામનગરમાં ગાય સાથે કુકર્મ આચનારનો વીડિયો વાયરલ

જામનગર,તા.૧૦



જામનગરના કૃષ્ણનગર વિસ્તારમાં શિશુ મંદિર સ્કૂલ પાસે આવેલ ચોકમાં એક શખ્સનો ગાય સાથે કુકર્મ આચરતો વીડિયો સામે આવતા શહેરભરમાં ચકચાર મચી છે. અને પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે જગદીશ પરબતભાઈ નસીબ નામના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે. વાઈરલ વીડિયોની તપાસ કરી પોલીસે શખ્સની ઓળખ કરી હતી અને ગુનો નોંધ્યો હતો. આરોપી પોલીસના હાથવેંતમાં જ હોવાનું જાણવા મળ્યું છે. જામનગરમાં પશુ સાથે ક્રુરતાપૂર્વકનું વર્તન કરનાર આ શખ્સ સામે હાલ તો લોકો અને ગૌપ્રેમીઓમાં ફિટકારની લાગણી પ્રસરી છે.

# દક્ષિણ ગુજરાતમાં બારેમેઘ ખાંગા: ઉમરપાડામાં ૬ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ

ઉમરપાડા,તા.૧૦

દક્ષિણ ગુજરાતમાં ૧૦મી સપ્ટેમ્બરે વરસાદે ફરી જોર પકડ્યું છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે સુરતના ઉમરપાડામાં છેલ્લા ૬ કલાકમાં ઉમરપાડામાં ૧૦ ઈંચ વરસાદ વરસતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મોટા ભાગના વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. આ સાથે જ દક્ષિણ ગુજરાતના નર્મદા, તાપી અને નવસારી સહિતના જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે. ગત ૬ કલાકમાં રાજ્યના ૬૫ તાલુકામાં વરસાદ વરસ્યો છે. ૧૨ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે જ્યારે ઉમરપાડામાં સૌથી વધુ ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે. સાગબારા અને ખેરગામમાં પોણા ૩ ઈંચ અને ડેડિયાપાડામાં



૨ ઈંચ વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ બારડોલી અને કુકરમુંડામાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ વર્ષે મેઘકહેરના લીધે અનેક જિલ્લાઓમાં અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાઇ છે, સ્થાનિકો, જાનમાલને તથા ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. જોકે ભારે વરસાદના લીધે ઉમરપાડામાં ગંભીર સ્થિતિ સર્જાઈ છે, ૧૦ ઈંચ જેટલો વરસાદ તૂટી પડતાં જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે. નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાયા છે. રસ્તાઓ પણ જાણે નદી વહી રહી હોય એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

# સુરત ગણેશ પંડાલમાં પથ્થરમારો કરનાર ૨૬ વિધર્મીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર

સુરત,તા.૧૦

સુરતના સૈયદપુરામાં ૮ સપ્ટેમ્બરને રવિવારે રાત્રે રીક્ષામાં આવી છ કિશોરે ગણેશ પંડાલ પર પથ્થરમારો કર્યો હતો. બાદમાં પોલીસે ૩૨ આરોપીઓની ધરપકડ કરી હતી.

આ ઘટનામાં હવે ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. પોલીસે જે ૬ કિશોરને પકડ્યા છે એમાંથી એક આરોપી સવારે સરકારી સ્કૂલમાં અને સાંજે મદરેસામાં જાય છે. તેમજ તે ૬ સપ્ટમ્બરે મિત્રો સાથે ગણેશ પંડાલ પર આવ્યો હતો. ૬ કિશોર સિવાયના તમામ ૨૬ આરોપીઓને હાલ ઉમરા પોલીસ સ્ટેશનથી લઈ જઈ લોઅર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. બન્ને પક્ષ વચ્ચે અઢી કલાક દલીલો થઈ હતી. ત્યાર બાદ કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે ૬ કિશોર આરોપીને બાળ સુધાર ગૃહમાં મોકલવામાં આવ્યા છે.

# જૂનાગઢના પરિવારની કરૂણાંતિકા : પિતા-પુત્રનો ભાદર નદીમાં આપઘાત

**હજુ સુધી આ પગલું ભરવા પાછળનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી**

ધોરજી, તા.૧૦



જૂનાગઢના એક પરિવારમાં ગઈકાલે રાત્રે એક હૃદયદ્રાવક ઘટના બની, જેમાં એક પિતા અને તેના નવ વર્ષીય પુત્રએ ભાદર નદીના પુલ પરથી કૂદીને આપઘાત કર્યો. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. પોલીસ સૂત્રો અનુસાર, મૃતક વ્યક્તિની ઓળખ હિરેનભાઈ નિરંજનભાઈ જયસ્વાલ (૪૨) તરીકે થઈ છે, જે જૂનાગઢના દાતાર રોડ પર રહેતા હતા અને રિક્ષા ચાલક તરીકે કામ કરતા હતા. તેમના પુત્ર જિયાન (૯) અને ૧૪ વર્ષીય પુત્રી સાથે તેઓ સોમવારે રાત્રે જૂનાગઢથી ધોરાજી તરફ નીકળ્યા હતા.

ઘટનાની વિગતો મુજબ, પરિવાર ઉપલેટા નેશનલ હાઈવે પર આવેલા ભાદર નદીના પુલ પર પહોંચ્યો હતો. ત્યાં હિરેનભાઈએ તેમની પત્નીને ફોન કરીને તાત્કાલિક આવવા જણાવ્યું હતું. ત્યારબાદ અચાનક જ પિતા અને પુત્રએ નદીમાં છલાંગ લગાવી હતી. પુત્રી કોઈ કારણસર પુલ પર જ રહી ગઈ હતી, જેના કારણે તે બચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ધોરાજી તાલુકા પોલીસ, મામલતદાર અને નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. લાંબી શોધખોળ બાદ મંગળવારે સવારે ૧૧ વાગ્યે હિરેનભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે જિયાનને શોધીને તાત્કાલિક ધોરાજીની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

હિરેનભાઈના સગા કિર્તીભાઈ જયસ્વાલે જણાવ્યું હતું કે, "અમને હજુ સુધી આ પગલું ભરવા પાછળનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. હિરેનભાઈની પત્ની ૮૦૦૦ રૂપિયાના માસિક પગારથી નોકરી કરે છે અને મોટાભાગે ઘરની બહાર રહે છે." ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના PI ગોહિલે આ ઘટના અંગે તપાસ શરૂ કરી છે. આ કરુણાંતિકાએ જૂનાગઢના જયસ્વાલ પરિવાર અને સમગ્ર સમુદાયમાં ભારે શોકની લાગણી ફેલાવી છે.

# રાજકોટમાં ફરિયાદીની ધરપકડ નહી કરવા મુંબઈના પીઆઈએ લાંચ માંગી

રાજકોટ,તા.૧૦



મુંબઈના માટુંગા પોલીસ મથકમાં સાયબર ફ્રોડની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં રાજકોટમાં રહેતાં ફરિયાદીની ધરપકડ અને હેરાનગતિ નહીં કરવા બદલ પીઆઈ પગાર વતી રૂ.૧૦ લાખની લાંચ લેતાં વચેટિયા જયમીન સાવલિયાને ગત તા.૦૬.૦૯.૨૦૨૪નાં રોજ રેસકોર્સ રિંગ રોડ પરથી એસીબીએ ઝડપી લીધો હતો. આ સાથે જ એસીબીની એક ટીમને પીઆઈ પગારને ઝડપી લેવા માટે મુંબઈ રવાના કરવામાં આવી હતી. પરંતુ પીઆઈ પગાર ભાગી જતાં હાથમાં આવ્યો ન હતો. તેણે પોતાનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ કરી નાખ્યો હતો અને પોલીસ તેના ઘરે પહોંચી તો ઘરેથી પણ મળ્યો ન હતો. આમ છતાં એસીબીની ટીમે હજુ મુંબઈમાં જ રહી તેની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ એસીબીના હાથે પીઆઇનો વચેટિયો લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ જતા ગઈકાલે પીઆઈ દિગંબર પગારને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. જ્યારે વચેટિયો જયમીન હાલ એસીબી પાસે રિમાન્ડ પર છે તે સતત પોતાની ભૂલ થઈ ગયાનું રટણ કરી રહ્યો છે.

# સાયલા-ચોટીલા હાઈવે પર કાર-રીક્ષા વચ્ચે અકસ્માત: બેનાં મોત

સુરેન્દ્રનગર,તા.૧૦



સાયલા ચોટીલા હાઈવે પર કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક બાળક સહિત બે લોકોના મોત થયા છે. જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતનો એક પરિવાર માતાજીના દર્શન કરવા જસદણ નજીકના દહીંસરા ગામે જઈ રહ્યો હતો. ત્યારે સોમવારે સાયલા-ચોટીલા હાઈવે પર કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક મહિલા અને ત્રણ માસના બાળકનું મોત થયું છે. સુરતના દહીસરા ગામે પરિવાર દર્શનાર્થે જતો હતો.

બીજી તરફ આ ઘટનાની માહિતી મળતા જ પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો છે. ઈજાગ્રસ્તોને ૧૦૮ની મદદથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અગાઉ સુરેન્દ્રનગર વડવાણ હાઈવે પર ડમ્પર ચાલકે ૪ વાહનોને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ૬ લોકો ઘાયલ થયા હતા. જ્યારે સદભાવના ટ્રસ્ટની મહિલા કર્મચારીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. અકસ્માત સર્જી ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો.

# ઊર્જા ઉત્પાદનમાં અન્ય રાજયો કરતા ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર : કેન્દ્રીય મંત્રી પ્રલહાદ જોષી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૦



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતભરમાં શરૂ કરવામાં આવેલી 'પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના' તેમજ 'પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન પીએમ કુસુમ યોજના યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. ગુજરાત પરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં અન્ય રાજ્યો કરતાં વધુ પ્રો-એક્ટીવ રીતે કાર્ય કરી રહ્યું છે તે સરાહનીય છે તેમ, કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રી પ્રલહાદ જોષીએ જણાવ્યું હતું. કેન્દ્ર સરકારની પીએમ સૂર્ય ઘર' અને પીએમ કુસુમ યોજના' અંતર્ગત ગુજરાતે કરેલી કામગીરીની આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય મંત્રી પ્રલહાદ જોષીની અધ્યક્ષસ્થાને સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ ગુજરાતના ઊર્જા વિભાગ દ્વારા આ યોજના અંતર્ગત કરેલી કામગીરી અંગે કેન્દ્રીય મંત્રીને માહિતગાર કરતાં કહ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની પ્રજાને ૨૪ કલાક વીજળી મળી રહે તે માટે 'જ્યોતિ ગ્રામ યોજના'નો શુભારંભ કરાવ્યો હતો. ગુજરાતમાં વીજળીના યોગ્ય વ્યવસ્થાપનના પરિણામે રાજ્યની યુજીવીસીએલ, પીજીવીસીએલ, ડીજીવીસીએલ અને એમજીવીસીએલ એમ ચાર વીજ કંપનીઓ ભારતમાં નંબર-૧ની સાથે સાથે નફો પણ કરી રહી છે. પીએમ સૂર્ય ઘર' યોજનાના અમીલકરણમાં ગુજરાત બાદ મહારાષ્ટ્ર, કેરળ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશનો ક્રમ આવે છે. આ બન્ને યોજનાના અમલમાં ગુજરાત ટૂંક સમયમાં પોતાનો લક્ષ્યાંક પૂર્ણ કરીને નવો લક્ષ્યાંક સ્થાપિત કરશે તેમ, મંત્રી શ્રી દેસાઈએ ઉમેર્યું હતું.






## હીટ એન્ડ રન કેસમાં ગીર સોમનાથ પોલીસે ઘટસ્ફોટ કર્યો

# બહેનની પજવણી કરનારને ભાઈ સહિત ત્રણ લોકોએ પતાવી દીધો

કોડીનાર,તા.૧૦

ગીર સોમનાથ જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સ કરી આ ચકચારી ગુનાની અંદરની ખોફનાક હકીકત પરથી પડદો ઉચકતાં જણાવ્યું હતું કે, મૃતક સુરેશ જાદવને ઉમરેઠી ગામના જ સગીરે ખુબ જ સિફતપૂર્વક મોતને ઘાટ ઉતારી આ ઘટનાને અકસ્માતમાં ખપાવી પોલીસની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કર્યો હતો. મૃતક યુવક અને આરોપીના પરિવાર વચ્ચે ઘણા સમયથી મનદુઃખ ચાલ્યું આવતુ હતું. મૃતક યુવક સુરેશ આરોપીની બહેનને હેરાન કરતો હોવાથી આરોપીએ યુવક સુરેશને પતાવી દેવાનો પ્લાન ઘડ્યો હતો. મૃતક યુવકની હત્યા માટે આરોપીએ ખુબજ ગુનાહિત માનસ સાથે કાવતરું રચ્યું હતું. જેમાં આરોપીએ તેની પ્રેમિકાની પણ મદદ મેળવી હતી. મૂળ ડોળાસા ગામની અને હાલ રાજકોટ ખાતે નર્સિંગનો અભ્યાસ કરતી આરોપીની પ્રેમિકાએ મૃતક સુરેશને પ્રેમજાળમાં ફસાવ્યો હતો. તેણે ઈન્સ્ટાગ્રામ દ્વારા અવારનવાર



વાતો કરી મૃતકનો વિશ્વાસ જીતી લીધો હતો. જે બાદ આરોપીના પ્લાન મુજબ મૃતક સુરેશને રાત્રિના સમયે ઘરેથી બહાર લાવવા માટે મળવાનું કહી બોલાવ્યો હતો. મૃતક સુરેશ પ્રેયસીને મળવા ઉમરેથી ગામથી તાલાલા તરફ એક્ટિવા લઈ જઈ રહ્યો હતો. ત્યારે આરોપી બોલેરો કાર લઈ નીકળ્યો અને ઘુસિયા ગામ નજીક ઈમાનપીર દરગાહ પાસે મોકો જોઈ સુરેશની એક્ટિવાને જબરજસ્ત ઠોકર મારી નાસી ગયો હતો. આરોપીએ આ ઘટના અકસ્માતમાં ખપી જાય અને પોતે સુરક્ષિત રીતે પોતાના મનમાં રહેલ ખુન્નસને પાર પાડશે તેવું વિચારી અકસ્માત સર્જી રાજકોટ તરફ નાસી ગયો હતો. ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ આ અકસ્માતના મૂળ સુધી પહોંચી હતી. જેથી આરોપીને તેમજ તેની પ્રેમિકા અને અન્ય મદદગાર યુવકને રાઉન્ડઅપ કરી આગવી ઢબે પૂછપરછ કરતાં પોપટ બની ગયેલા આરોપીએ સમગ્ર ઘટનાના વટાણા વેરી નાખ્યા હતા.